


સમતા, સ્વતંત્રતા અને બંધુતા ના માનવીય મૂલ્યો નું સજાગ પ્રહરી

બહુજન સંગઠક

Monthly E-Magazine

વર્ષ -૧ અંક-૧ E-mail : TheBahujanSangathak@gmail.com માર્ચ -૨૦૨૦

તંત્રી અને સંપાદક : કુંદન બૌદ્ધ સહ-સંપાદક: મયુર વાઢેર મેનેજીંગ તંત્રી: મૌલીક દીક્ષિત સહ-તંત્રી: બહુજન અર્થ





બહુજન આંદોલન ની આધારશિલા

સ્વતંત્ર ભારતમાં તથાગત ગૌતમ બુદ્ધના સિદ્ધાંત “બહુજન હિતાય, બહુજન સુખાય” અને બાબાસાહેબ ડૉ ભીમરાવ આંબેડકરના સુત્ર “Educate Agitate and Organize” ને ચરીતાર્થ કરતો ચહેરો એટલે, બહુજન નાયક માન્યવર કાંશીરામ સાહેબ.

રાષ્ટ્રમાતા સાવિત્રીબાઈ ફૂલેના પરીનિર્વાણ દિવસ અને માન્યવર સાહેબ કાંશી રામના જન્મદિવસ
“બહુજન સમાજ દિવસ” નિમિત્તે બહુજનોને સમર્પિત અંક

સમતા, સ્વતંત્રતા અને બંધુતા ના
માનવીય મૂલ્યો નું સજાગ પ્રહરી

બહુજન સંગઠક



પ્રિય બહુજન વાચકો,

"બહુજન સંગઠક" નામના હિન્દી સાપ્તાહિકની શરૂઆત બહુજન આંદોલનના સજાગ પ્રહરી માન્યવર સાહેબ કાંશી રામએ આધુનિક ભારતના નિર્માતા બાબાસાહેબ ડો ભીમરાવ આંબેડકરના જન્મદિવસ ૧૪ અપ્રિલ, સન ૧૯૮૦ ના રોજ કરી હતી. અને ત્યાર બાદથી લઈને માન્યવરના પરીનીર્વાણના થોડા સમય અંતરાલ સુધી આ સાપ્તાહિક પ્રકાશિત થતું રહ્યું.

આ સાપ્તાહિક ની શરૂઆત પાછળનો માન્યવર નો મુખ્ય ધ્યેય "બહુજન મીડિયા" ને મજબુત બનાવીને બુદ્ધ, ફૂલે, શાહુ, આંબેડકરના બહુજન આંદોલનને એક નવી ગતિ પ્રદાન કરવાનો હતો. પણ માન્યવર બાદ આ સાપ્તાહિકે પણ ધીમે ધીમે પોતાનો દમ તોડી દીધો.

અને આજે વર્ષો બાદ અમે એક નાનકડો પ્રયાસ કરી રહ્યા છીએ, માન્યવર સાહેબ કાંશીરામના જીવનની કમાઈ, બહુજનોની ધરોહર એવા "બહુજન સંગઠક" ને ફરી થી ઈ-માધ્યમ થી કાર્યરત કરવાનો.

લી, બહુજન સંગઠક ટીમ.

: સંપર્ક સૂત્ર :
કુંદન બૌદ્ધ : +16476784648
મૌલિક દીક્ષિત : +919173593936
બહુજન અર્થ : +919408717555

અનુક્રમણિકા

આપનો બહુજન આંદોલન અને વિચારધારા ને અનુરૂપ; કાયદાકીય અને શૈક્ષણિક માહિતીથી ભરપુર કે અન્ય કોઈ લેખ અથવા કવિતા "બહુજન સંગઠક" ઈ-મેગેઝીનમાં પ્રકાશિત કરવા માટે, અમને તારીખ ૩૦ પહેલા ઈમેઈલ થી મોકલી આપશો.

TheBahujanSangathak@gmail.com

www.bahujansangathak.wordpress.com

TheBahujanSangathak

વર્તમાનમાં બહુજનોએ પોતાનું સ્વતંત્ર મીડિયા વિકસાવવું કેમ જરૂરી બની ગયું છે? – કુંદન બૌદ્ધ

મનુવાદની ગુલામી થી બહુજન સમાજ ને મુક્ત કરવા માટે વર્તમાન શાસક વર્ગ સામે આપણે મજબૂત સંઘર્ષ કરવો પડશે એ સનાતન સત્ય છે.. તથાગત ગૌતમ બુદ્ધ થી લઈને માન્યવર સાહેબ કાંશીરામ સુધીના મહાનાયકોએ આ આંદોલનને ગતિ પુરી પાડી છે.. અને વર્તમાન માં પણ આ આંદોલન ગતિમાન બને એ જરૂરી છે, અને તેના માટે જરૂરી છે સંઘર્ષ અને અધિક સંઘર્ષ.. અને આ સંઘર્ષ માં વિરોધ પક્ષ ને હરાવવા બહુજન સમાજ પાસે ઉચિત હથિયાર હોવા જરૂરી છે.. આજ ની તારીખ માં વર્તમાન શાશક વર્ગ પાસે પ્રસાર- પ્રચાર ના સેંકડો માધ્યમો છે.. દૈનિક સમાચાર પત્રો થી લઈને ટીવી ચેનલો સુધી, દરેક પર તેઓની મજબૂત પકડ છે.. જેના થકી તેઓ બહુજન સમાજ પર પોતાની માનસીક પકડ મજબૂત બનાવે છે. આ હથિયારનો સામનો કરવા માટે બહુજન સમાજ પાસે પણ પોતાના પ્રસાર પ્રચાર ના માધ્યમો પૂરતા પ્રમાણ માં હોવા જરૂરી છે.. જેનાથી બહુજન સમાજ પોતાના જનનાયકોની વિચારધારા ને ઘર-ઘર સુધી પહોંચતી કરી શકે..

બહુજનો (૮૫%)ની સરખામણી માં અલ્પસંખ્યક બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય (૧૫%) જ હોવા છતાં આજે શાસક છે તો એનું એક બહુ મોટું કારણ "મીડિયા" છે..

૧૮૪૮ માં રાષ્ટ્રપિતા જ્યોતિરાવ ફૂલે એ આધુનિક ભારતમાં સામાજિક ક્રાંતિની નીવ રાખી, અને ૧૮૭૫ ના વર્ષ માં "દીનબંધુ" નામના અખબાર ની શરૂવાત કરી હતી.. બાબાસાહેબ ડો આંબેડકર નું કહેવું હતું કે, *"જે આંદોલનનું પોતાનું કોઈ મુખપત્ર નથી હોતું, એ આંદોલન ની હાલત પાંખ કપાયેલા પંખી જેવી હોય છે.." અને એટલે જ તેઓ એ ૧૯૨૨-૨૩ થી લઈને ૧૯૫૬ સુધી સમયે* સમયે મુકનાયક, બહિષ્કૃત ભારત જેવા મુખપત્રો બહાર પાડીને આંદોલનને ગતિમાન કરવાના પ્રયત્નો કર્યા હતા.. રામાંસામી પેરિયાર એ મીડિયા ના ક્ષેત્ર માં પોતાનો ભાગ ભજવ્યો હતો.. ત્યારબાદ બાદ માન્યવર સાહેબ એ પણ બહુજન ટાઈમ્સ, ઓપ્રેસડ ઇન્ડિયન, બહુજન સમાજ બુલેટિન જેવા મુખપત્રો બહાર પાડી ને બહુજન આંદોલનને ગતિમાન બનાવ્યું.. માન્યવરનું કહેવું હતું કે, બહુજન મુવમેન્ટને આગળ વધારવામાં મીડિયા મોટો ભાગ ભજવી શકે છે.. બહુજન સમાજની મુવમેન્ટ જે સામાજિક, ધાર્મિક, અને રાજનીતિક એમ ત્રણ પાસા માં વહેંચાયેલી છે, પણ એક બીજા ની પૂરક છે તેને આગળ વધારવા માટે બહુજન સમાજ એ પોતાનું મીડિયા બનાવવું જરૂરી છે.. પરંતુ, સીમિત સંસાધનોના લીધે તેઓ મનુવાદી મીડિયા નો સામનો ના કરી શક્યા.

બહુજનો નું પોતાનું મીડિયા હોવું જોઈએ એના વિષય માં બહુજન નાયકોના સ્પષ્ટ મત હતા કે બહુજન આંદોલન માં તેઓના મુખપત્રો, સામયિકો, દૈનિકો અગત્યનો ભાગ ભજવી શકે છે.. બહુજન આંદોલનની એક ખાસિયત રહી છે કે, સમયે સમયે બહુજન નાયકો અને નાયિકાઓએ સીમિત સંસાધનોનો મોટા પાયા પર ઉપયોગ કરીને આ કારવાંને આગળ ધપાવ્યો છે..

૧૯૯૭ ના વર્ષ માં "બહુજન નાયક" અઠવાડિક ના ૧૭ વર્ષ પુરા થયે મહારાષ્ટ્રમાં સાહેબ એ આપેલા ભાષણ માં મીડિયાનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, "આજના સમયમાં જોઈએ તો પ્રિન્ટ મીડિયાની સરખામણીમાં ઇલેક્ટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયા વધારે પ્રભાવમાં છે ત્યારે બહુજનો પણ ત્યાં પોતાનુ પ્રભુત્વ સ્થાપે એ જરૂરી છે.." માન્યવર સાહેબ કાંશીરામનું કહેવું હતું કે, બાબાસાહેબની આ મુવમેન્ટ ને ફ્લેક્ષીબલ બનાવવી પડશે.. અને એમાં સમય અનુસાર યોગ્ય ફેરફારો જરૂરી છે. પોતાની વાત આગળ વધારતા સાહેબ એ કીધું હતું કે, આ બહુજન મુવમેન્ટના ઘણા બધા પાસા છે અને તેમાંનું એક મહત્વ નું પાસું મીડિયા પણ છે.. આજના જમાના માં, મીડિયા સંપૂર્ણ નથી પણ મીડિયા ઘણું બધું છે.. દરેક મુવમેન્ટ અને પાર્ટી મીડયાના કારણ થી આગળ વધી છે, પણ બહુજન સમાજની મુવમેન્ટ અને પાર્ટી મીડિયાના વિરોધ નો મુકાબલો કરીને આગળ વધી છે.. આપણું મુખ્ય લક્ષ્ય મુવમેન્ટ ચલાવવાનું છે પણ એના માટે મીડિયા જરૂરી છે અને જે લેવલની મુવમેન્ટ ચલાવવાની છે એ લેવલનું મીડિયા જરૂરી છે.. અને આપણી આ મુવમેન્ટ બહુજન સમાજના દૈનિકો અને ઇલેક્ટ્રોનીક મીડયા નો પ્રબંધ કર્યા પછી દિલ્હીના લેવલની બનશે.."

વર્તમાન માં એ જરૂરી બની ગયું છે કે દરેક બહુજન પોતાની ક્ષમતા અનુસાર આર્થિક મદદ કરી ને બહુજન મીડિયા ને સક્ષમ બનાવવામાં આગળ વધારવામાં પોતાનો મની, માઈન્ડ અને ટાઈમ આપી ને સહયોગ કરે..મનુવાદી મિડીયાને મનુવાદી સમાજ પોષે છે એટલે એ બળવાન બને છે જો આપણે બહુજન આંદોલન માટે બહુજન સંગઠન ને મજબુત બનાવવું હશે તો આપણે બહુજનવાદીઓએ બહુજન મિડીયાને પોષવુ પડશે. જો બહુજન સમાજ એ જીવન ના દરેક પહેલું માં આગળ વધવું છે તો મીડિયા ઉપર પણ તેની પકડ જનસંખ્યા ના અનુપાત માં ૮૫% હોવી જોઇશે. નહિ તો તે પોતાના હક-અધિકારો ક્યારેય નહીં મેળવી શકે.. *આજ ના સમય માં કોઈ પણ સમાજ મીડિયા વગર એ પંખી જેવો છે જે ઉડી તો શકે છે પણ એની જોડે ઉડવા માટે પાંખો નથી.. અને આ જ મુખ્ય કારણ છે "બહુજન સંગઠક" ઈ-મેગેઝીન ની શરૂઆત નું.*

- કુંદન કુમાર બૌદ્ધ

ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા : માતા સાવિત્રીબાઈ ફૂલે
– નીતિન શીંગરખીયા

ભારતનાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રી - ઇન્દિરા ગાંધી
ભારતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી - સુચેતા કૃપલાની
ભારતનાં પ્રથમ મહિલા આઈપીએસ - કિરણ બેદી
ઉપર મુજબની જાણકારી બધાંને હશે.. પણ જો તમને એમ પૂછવામાં આવે કે ભારતનાં પ્રથમ મહિલા શિક્ષિકા કોણ? તો શું તમને ખબર છે? “નાં” તો ચાલો આજે ભારત ના પ્રથમ મહિલા શિક્ષિકા, સમાજસુધારક વિશે જાણીએ.

મહારાષ્ટ્રના સતારા જીલ્લાના એક નાનકડાં ગામમાં પિતા ખંડોજી નેવાસે અને માતા લક્ષ્મીબાઈનાં કુખે એક એવી અસામાન્ય વ્યક્તિ જન્મી હતી, જેમણે સમગ્ર મહિલાઓનું જીવન બદલી નાખ્યું હતું. એમની રૂઢિચુસ્તાની જંજીરો, ગુલામીની બેડીઓ તોડી નાખી હતી. આ અસામાન્ય મહિલા એટલે સાવિત્રીબાઈ ફુલે. જી હા, તેઓ ભારતનાં પ્રથમ મહિલા શિક્ષિકા હતાં. માત્ર ૯ વર્ષની બાળવયમાં તેમનાં લગ્ન જ્યોતિબા ફુલે સાથે થયાં હતાં.અને તે વખતે જ્યોતિબાની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી.જ્યો તિબા પોતે શિક્ષિત વ્યક્તિ હતાં જેથી શિક્ષણ શું છે અને તેમાં કેટલી તાકાત છુપાયેલી છે તે વાત ખુબ સારી રીતે જાણતાં હતાં.

પરંતુ, એક ભેદભાવનાં બનાવે જ્યોતિબાનું જીવન બદલી નાખ્યું હતું. અને આ ભેદભાવનું કારણ મળ્યું “નિરક્ષરતા”. તેઓને સમજમાં આવી ગયું કે આ ભેદભાવ મિટાવવા માટે તેમની સામે મજબુત હથીયાર જો કોઇ હોય તો તે છે શિક્ષણ. આ કારણ મળતાં જ તેઓએ શિક્ષણ માટે કાર્ય શરું કર્યું અને આ કાર્યનો અમુક શિક્ષણ વિરોધી લોકોએ વિરોધ પણ કર્યો હતો. એટલો વિરોધ કર્યો કે ફુલે દંપતીને પોતાનું ઘર છોડવું પડ્યું હતું. તો પણ તેઓ એ હાર ના માની

ઘર છોડ્યા બાદ પણ ફુલે દંપતીએ પછાત, અતિ પછાત અને છેવાડાના લોકોને શિક્ષણ મળી રહે તે માટે, “શુદ્ર” જે હિન્દુ ધર્મમાં છેલ્લાં વર્ણમાં આવે છે તે વર્ણનાં લોકોને શિક્ષણ મળી રહે તે માટે શુદ્ર શાળા ખોલીને શુદ્રો માટે શિક્ષણનાં દ્વાર ખોલ્યાં હતા. પણ તેમને શિક્ષણ આપે કોણ? સૌથી મોટો આ સવાલ ઉભો થયો કારણ કે, ઉચ્ચ વર્ણનાં શિક્ષક તો આ કાર્યમાં સાથ આપે જ નહિ, એટલે તેમણે સાવિત્રીબાઈનો સહકાર માંગ્યો. સાવિત્રીબાઈ પોતે તે સમયે અશિક્ષિત હતાં. પણ જ્યોતિબાએ પ્રથમ કાર્ય સાવિત્રીબાઈને શિક્ષણ આપવાનું કર્યું.જ્યોતિબા પાસેથી શિક્ષણ મેળવીને સાવિત્રીબાઈએ ૧ મે ૧૮૪૭માં અછૂત કન્યાઓ માટે પ્રથમ શાળા ખોલી અને મહિલાઓને શિક્ષણ આપવાનું કાર્ય શરું કર્યું. આ અછૂત કન્યાશાળા ભારતની પ્રથમ કન્યા શાળા હતી.

ફુલે દંપતીનું આ કાર્ય અમુક સ્ત્રી શિક્ષણ વિરોધીઓને ના ગમ્યું એટલે એમણે સાવિત્રીબાઈને હડધુત કરવાનું અને તેમને સતામણી આપવાનું શરું કર્યું. તેઓ જ્યારે શાળાએ શિક્ષણ આપવા માટે નીકળતા ત્યારે એમનાં ઉપર સ્ત્રી શિક્ષણ વિરોધીઓ કાદવ, કિચડ, મળ ફેંકતા હતાં, પણ સાવિત્રીબાઈ હાર માને એવાં ન હતાં. આ બધા વિરોધ વચ્ચે પણ તેઓએ શિક્ષણ આપવાનું કાર્ય ચાલું જ રાખ્યું હતું. માતા સાવિત્રીબાઈનાં આ ઉમદા કાર્યની વાત બ્રિટિશ શાશન સુધી પંહોચી ઈ.સ. ૧૮૫૪માં તે સમયનાં જ્યુડીશ્યલ કમિશ્નર વોર્ડન સાહેબે જાહેરમાં સાવિત્રીબાઈનું સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું અને ફુલે દંપતીનાં કાર્યને જાહેરમાં નવાજ્યું હતું. એક બાજું સ્ત્રી શિક્ષણ વિરોધીઓ ફુલે દંપતીની વિરુદ્ધ ટીકા ટિપ્પણી અને ઝેર ઓકતા હતા તો બીજી તરફ બ્રિટીશરો ફુલે દંપતીનાં આ કાર્યને નવાજતા હતાં.

અછૂત કન્યાશાળા ખોલ્યાં બાદ સાવિત્રીબાઈ અંહી જ અટક્યા નહોતા. તેમણે પછી મજુરો-ખેડૂતો માટે રાત્રીશાળાઓ ખોલી, પ્રૌઢશિક્ષણનાં વર્ગો ચલાવ્યા હતા. શિક્ષણનાં આ ભગીરથ કાર્યની સાથે સાથે તેમણે ઘર કરી ગયેલા સામાજિક રીતરીવાજો પર પ્રહારો કરવાના તો ચાલુ જ રાખ્યા હતા. ઈ.સ.૧૮૬૮માં તેમણે અછૂતોને પોતાના કુવા પરથી પાણી પીવાની છૂટ આપી હતી. વિધ્વા સ્ત્રી ના પુન લગ્ન થાય એ સમાજ સુધારાની પણ તેઓ એ ખુલ્લેઆમ હિમાયત કરી. તસમાજમાં જાતીય શોષણનો ભોગ બનનાર સ્ત્રીઓ નિર્ભયપણે બાળકને જન્મ આપી શકે, બાળક સારી રીતે ઉછરી શકે તે માટે માતા સાવિત્રી બાઈ એ 'બાળહત્યા પ્રતિબંધકગૃહ' ની સ્થાપના કરી. સ્ત્રી શિક્ષણનાં હિમાયતી અને સ્ત્રી જાગૃત થાય અને સ્વમાનભેર જીવતાં શીખે તે માટે “મહિલા સેવા સદન” નામની સંસ્થા પણ શરું કરી હતી.

સાવિત્રીબાઈ એક શિક્ષિકા સાથે સારાં એવાં કવિયત્રી પણ હતાં જેમની એક કવિતા ખુબ જ પ્રખ્યાત છે, જેમાં તેઓ કહે છે કે “જાઓ અને જઈને શિક્ષા પ્રાપ્ત કરો. સ્વનિર્ભર બનો, મહેનતી બનો. તમને શીખવાનો મોકો મળ્યો છે તો શીખો અને જાતિ ની જંજીરો ને તોડી નાખો.”

ઈ.સ. ૧૮૯૬-૯૭માં પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો. રાત કે દિવસ જોયા વિના ફુલે દંપતી આ પ્લેગ અસરગ્રસ્તોની સેવામાં લાગી ગયું. આ સારવાર દરમિયાન જ એક પ્લેગ અસરગ્રસ્ત બાળકની સેવા કરતા સાવિત્રીબાઈને પ્લેગનો ચેપ લાગ્યો હતો. મહાન સેવાભાવી સાચા શિક્ષણવિદ સાવિત્રીબાઈ ૧૦ માર્ચ ૧૮૯૭ના રોજ અવસાન પામ્યા હતા.
- નીતિન શીંગરખીયા

સાંપ્રત સમયમાં મહિલાઓ ની સ્થિતિ – કુસુમબેન ડાભી

જ્યારે આપણે મહિલા સશક્તિરણની ચર્ચા-વિચારણા કરીએ ત્યારે આપણી સામે ભારતીય સમાજ વ્યવસ્થાની વિવિધ બાબતો નજર સામે આવીને ઉભી રહે છે. હજારો વર્ષોનો ઇતિહાસ તપાસીએ, એ સમયે કે આજના સમયમાં પણ ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિમાં બહુ જ અસમાનતા જોવા મળે છે. સમકાલીન સમયમાં જ કોઇ એક ધર્મ, ધર્મમાં પાછી જાતિ અને જાતિમાં વળી, પેટા જાતિ, અને વળી, એમાંય આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિ બધાની અસર પણ મહિલાઓની સ્થિતિ પર ઊંડી અસર કરતી જણાય છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં ખાસ કરીને SC,ST,OBC બહુજન મહિલા ની સ્થિતિ કહેવાતી સવર્ણ મહિલા કરતા તદ્દન અલગ જોવા મળે છે.

આ સ્થિતિને આપણે અલગ દ્રષ્ટિકોણથી સમજવી અને જોવી જરૂરી છે. અમુક બાબતો ફાયદાકારક તો અમુક બહુ નુકસાનકારક પણ જોવા મળે છે. કહેવાતી સવર્ણ મહિલા અને બહુજન મહિલા ના જીવન ધોરણ, વિચારો, પરિવારમાં સ્થિતિ વગેરે બાબતોમાં બહુ જ અસમાનતા જોવા મળશે.
1. હજારો વર્ષોથી સ્ત્રીઓની સ્થિતિ વિશે વિચારીએ તો એક વાત ઉડીને આંખે વળગે એવી છે, અને એ છે કે, બહુજન મહિલાઓને બહુજન સમાજે બહુ સન્માન આપ્યું છે, પરિવારના નિર્ણયો અને કાર્યો માં એની ભાગીદારી રહી છે. 2. બહુજન મહિલાને સતી પ્રથા, દિકરીને દૂધપીતી કરવી, બીજા લગ્ન ન કરવા, વિધવા વિવાહ ન કરવા જેવા કુરિવાજોનો ભોગ નથી બનવું પડ્યું. 3. ઘરકામ કે પરિવારના કોઈપણ આર્થિક કે શ્રમ વાળા કાર્યો માં બહુજન સમાજમાં સાથે મળી કામ વહેંચણી જોવા મળી છે. 4. બહુજન મહિલાઓ દહેજ પ્રથાનો મોટાભાગે ભોગ નથી બની. 5.બહુજન મહિલા માટે ઘરના દરવાજાની બહાર ન નીકળવા બંદિશ પણ ન્હોતી.

એની સામે, કહેવાતી સવર્ણ મહિલા ઓ સામે ઉપરના બધા જ પડકારો હતા. વિધવા વિવાહ કરી ન્હોતી શકતી, દહેજ અને દીકરી દૂધ પિતી કરવી બહુ મોટી સમસ્યા હતી. પુરુષ પ્રધાન સમાજ ની માનસિકતા ને કારણે એનું કોઇ સાંભળતું ન્હોતું, અવાજ દબાયેલો જ રહેતો. જો વાસ્તવિકતા સ્વીકારીએ તો, અંગ્રેજોના ભારતમાં રહેવાના કારણે, એમની ભારતના સમાજ માટે સ્કુલ કોલેજો ખોલવાના કારણે, ભારતની કહેવાતી સવર્ણ મહિલાઓને શિક્ષણ મેળવવાનો, શિક્ષણ મેળવી વિચારવાનો અને તર્ક કરવાની તક મળી. અને એને કારણે ભારતની કહેવાતી સવર્ણ મહિલાઓ માં મોર્ડન વિચારો આવ્યા, અને અંગ્રેજ સરકાર ના કારણે કુરિવાજો દૂર થવા લાગ્યા.

ભારતના ઘણા પ્રદેશોમાં બહુજન મહિલાઓ સાથે ઘણા પ્રકારના અન્યાય થતા હતા. ખાસ કરીને અમુક જાતિ ની મહિલાઓ ને બાળપણ માં દેવદાસી બનાવી મંદિરો માં એનું શારીરિક શોષણ થતું, હજુય ક્યાંક એ પ્રથા ધર્મ ના ઓથા હેઠળ ચાલુ છે, અમુક સ્થળો એ તો બહુજન મહિલાઓ ને શરીર ના ઉપરી વસ્ત્ર પહેરવાનો પણ હક નહોતો, ઉપરી વસ્ત્ર પહેરવા ને ગુનો ગણવામાં આવતો અને દંડ વસૂલવામાં આવતો હતો. દેવદાસી પ્રથા, ઉપરી વસ્ત્ર ન પહેરવા દેવા જેવા ધર્મના નામે ચાલતા શોષણ નો ભોગ કહેવાતી સવર્ણ મહિલાઓ નથી બની. અને ભારતની કહેવાતી સવર્ણ મહિલાઓએ ખુલી ને બહુજન મહિલાઓ ને આવા અન્યાય સામે લડવા સાથ પણ જોઈએ એવો નથી આપ્યો. ભારતની બહુજન મહિલાઓને કહેવાતા સવર્ણ સમાજે કહેવાતી સવર્ણ મહિલાઓને જે તક આપી એ તક ન આપી, એને સાઈડ લાઇન જ કરી. અંગ્રેજોનાં ગયા બાદ, આ જ સમાજે, ભારતની મહિલાઓને શિક્ષણ જરૂર આપ્યું પણ, સાથે સાથે એને ધાર્મિક જ્ઞાનના પુસ્તકો, સિરિયલો અને ફિલ્મો આપીને તાર્કિક બનવા દેવાના બદલે અંધ શ્રદ્ધાળુ બનાવી દીધી.

એટલે અંગ્રેજો પાસેથી શિક્ષણ મેળવી, કુરિવાજો દૂર કરાવી, સત્તાની ચાવી હાથમાં આવી ત્યારે, ભારતના કહેવાતા સવર્ણ પુરુષોએ કહેવાતી સવર્ણ સ્ત્રીઓ ને આગળ લાવવાના ભરપૂર પ્રયત્નો કર્યા, આ તકોનો લાભ સ્ત્રીઓ એ લીધો. અને આઝાદ ભારતમાં સ્વતંત્રતાના શ્વાસ લીધા. ખૂબ વિકાસ કર્યો. બીજી તરફ બહુજન મહિલાઓ આર્થિક તકલીફો વચ્ચે જ્યાં હતી ત્યાંથી બહાર આવવા નીકળી ખરી પણ એને એટલી તકો જ ન મળી જેટલી કહેવાતી સવર્ણ મહિલાઓ ને મળી. એટલે બન્ને વચ્ચે અંતર વધતું ગયું. ઘણા વર્ષો સુધી કહેવાતી સવર્ણ મહિલાઓ ને મુખ્ય તકલીફ જુદી હતી, આર્થિક તકલીફ એમને એટલી નહોતી જેટલી બહુજન મહિલાઓ ને હતી.

આઝાદી બાદ સરકારી શિક્ષણ અને રિઝર્વેશન ને કારણે ઘણા દાયકા બાદ બહુજન મહિલાઓ પગભર બની, સ્વત્રંત વિચારોવાળી બનવા લાગી પણ, સામે ત્યાં સુધી માં એ મનુવાદ નો શિકાર બની ચૂકી હતી, પરિણામે જેમ શિક્ષણ મેળવ્યું એમ એ કહેવાતી સવર્ણ મહિલાઓના સંપર્ક માં આવી અને એ વધુ ધાર્મિક અને અંધ શ્રદ્ધાળુ બનતી ગઇ. બહુજન મહિલાઓ પોતાના હક વિશે જાગૃત ન થઇ શકી, માનસિક ગુલામી માં ગૂંચવાઇ ગઇ. સામે કહેવાતી સવર્ણ મહિલાઓ દેશ પર છવાતી ગઇ. એક તરફ કહેવાતી સવર્ણ મહિલાઓ પ્રગતિ કરતી ગઇ, સામે બહુજન મહિલાઓ જાતિ, ધર્મ વગેરે ના નામે શોષણ અને પીડાનો ભોગ બનતી ગઇ. ગરીબી, કુપોષણ, શારીરિક શોષણ, કઇ કેટલીય તકલીફો માં અટવાતી ગઇ.

સમજવા અને જોવા જેવી વાત એ છે કે, આજે દરેક જાતિની સ્ત્રી શિક્ષણ મેળવી આગળ નીકળી હોવા છતાં, હજુય મહિલાઓ વચેના ભેદભાવો હતા એવા જ જોવા મળી રહ્યા છે. કહેવાતી સવર્ણ મહિલાઓ નિર્ભયા કે, પ્રિયંકા જેવી સ્ત્રીઓ સાથે રેપ મર્ડર મુદ્દે રસ્તા પર આવી જાય છે, પણ એ જ મહિલાઓ બહુજન મહિલા સાથે થતા રેપ મર્ડર કેસ માં મૂંગી થઇ જાય છે. કહેવાતી સવર્ણ મહિલાઓ રાજકીય બાબતે રિઝર્વેશન માંગી રહી છે, પણ જાતિગત રિઝર્વેશન નો વિરોધ પણ કરી રહી છે. એમની આ માનસિકતા સતત છતી થતી રહે છે, ખાસ કરીને જ્યારે બહુજન મહિલાઓ પર અત્યાચાર થાય છે ત્યારે મહિલા આયોગ તેમજ માનવ અધિકાર આયોગ માં ઉચ્ચ સ્થાને બેસેલી કહેવાતી સવર્ણ મહિલાઓ બહુજન મહિલાઓ પર અત્યાચાર થાય, કહેવાતા સવર્ણ લોકો દ્વારા ત્યારે મોટાભાગે ચૂપ રહેવાનું પસંદ કરતી જોવા મળે છે, અથવા તો કઈક કર્યા નો દેખાવ માત્ર મીડિયા સામે કરે છે, પણ ન્યાય અપાવવા આગળ આવવા તસદી લેતી નથી.
- કુસુમબેન ડાભી

બહુજન નાયક સાહેબ કાંશીરામ
- ટ્વિન્કલ પરમાર

દેશને સ્વતંત્રતા મળી એ પહેલાં અનેક મહામાનવો એ જાતિમુકત સમાજવ્યવસ્થા ઊભી થાય એ માટે પ્રયત્નો કરેલાં આઝાદી મળ્યા બાદ કહેવાતી નીચી જાતિઓમાં સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવવાનો શ્રેય માન્યવર કાંશી રામ સાહેબને જાય છે. બાબાસાહેબના મહાપરિનિર્વાણ બાદ લાંબા સમય સુધી દલિત, આદિવાસી અને શોષિત વર્ગ માટે લડી શકે એવા નેતાઓનો દુષ્કાળ પડ્યો આવા સમયે આખો પીડિત સમુદાય હાંસિયામાં ધકેલાઈ ગયો હતો.

આપણું ભારતીય સંવિધાન એ હકીકત સ્વીકારે છે કે પછાતવર્ગો અને લઘુમતી સમાજ ઉપર વર્ષોથી અન્યાય થતો આવ્યો છે. દેશ અંગ્રેજ મુક્ત બન્યા બાદ દેશની સત્તા બ્રાહ્મણ, વાણિયા અને જમીનદારોએ સાંભળી લીધી અને ત્યારથી ધનવાન અને ગરીબ લોકો વચ્ચેનું અંતર સતત વધતું રહ્યું છે.

મનુવાદી વિચારોથી ખદબદતી માનસિકતા ધરાવતા લોકો (ઊંચી જાતિ) દ્વારા નીચલી જાતિ પર જે અન્યાય થઈ રહ્યા હતા એ જોતા કાંશીરામ સાહેબના મનમાં તીવ્ર આક્રોશ અને વિદ્રોહની જ્વાળા પ્રગટી. કાંશીરામ સાહેબ સ્વાભિમાની હોવાથી કોઇ પણ નાનું મોટું કામ જરાય સંકોચ વગર કરી પોતાનો શૈક્ષણિક ખર્ચ જાતે જ ઉપાડતા. દેશના વંચિત સમાજ પર થતા અત્યાચારો, હેરાનગતિ જોઇ માન્યવરે પોતાની સારામાં સારી નોકરી (સહાયક વૈજ્ઞાનિક) છોડી સાથે ઘર પરિવાર પણ!
અને ફક્ત બહુજન સમાજ માટે જીવવાનો મક્કમ નિર્ણય લીધો. બસ આ ઘટના બની ત્યારબાદ સમગ્ર દેશના બહુજનોની દિશાઓ બદલી નાખી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે "તમામ પ્રકારની સામાજિક પ્રગતિની ચાવી રાજકીય શક્તિ છે". કાશીરામ સાહેબએ દેશના વંચિત સમાજને સામાજિક તથા રાજકીય ચેતના આપવાનું બીડું ઉપાડ્યું *બહુજન સમાજને મજબૂત બનાવવા "બામસેફ" નામે સંગઠન બનાવ્યું ,જેનો ઉદ્દેશ પછાતવર્ગ અને (લઘુમતિ) સમાજના શિક્ષિત કર્મચારીઓને સંગઠિત કરવા, શોષિત સમાજમાં જેમનો જન્મ થયો છે તે સમાજને દુર્દશાથી સંપૂર્ણપણે મુક્ત કરવાનો રહ્યો. ત્યારબાદ DS4 એટલે કે, દલિત શોષિત સંઘર્ષ સમાજ સમિતિની રચના કરી, અને સમાજ વચ્ચે જઈને જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું એની સ્થાપના નાં ત્રણ વર્ષ બાદ બહુજન સમાજ પાર્ટી (બીએસપી) ની સ્થાપના કરી અને સક્રિય રીતે રાજકારણમાં પ્રચાર અભિયાન શરૂ કર્યું. જાતિ, ધર્મ, વર્ણ તેમજ સામાજિક, આર્થિક, પીડીત, શોષિત અને વંચિતોના ઉત્થાન માટે કાર્યશીલ બન્યા.* માન્યવરે સમાજ માટે જીવન અર્પણ કરતા પહેલા લીધેલી પાંચ પ્રતિજ્ઞાઓ માંની એક 'હું કોઈના પણ લગ્ન કે મૃત્યુ પ્રસંગે જઇશ નહિ' એ મુજબ તેઓના પિતાના મૃત્યુ અને બહેનના લગ્ન પ્રસંગે પણ તેઓ તેમના ઘરે નહોતા ગયા.

અનેક નાના મોટા આંદોલનો કર્યા પ્રચાર માધ્યમોનું મહત્વ સમજી અગાથ પ્રયત્નો દ્વારા ઘણાબધાં બહુજન સામયિકો શરૂ કર્યા. તેમના અનુભવ મુજબ જે લોકો દલિત અને શોષિત સમાજનું ભલું ઈચ્છે છે એમના માટે સેવા કરે, જીવન અર્પણ કરે છે તેમને અનેક અપમાનો પણ સહન કરવા પડે છે. પણ, સંઘર્ષનો બીજો કોઈ વિકલ્પ હોતો નથી. કાંશીરામ સાહેબએ રસ્તા પર ઉતરી ક્રાંતિની શરૂઆત કરી. વ્યક્તિત્વ એવું હતું કે લોકોને જોડતા હતાં. ડૉ. બાબાસાહેબ આંબેડકર નૈતિક મૂલ્યોના સમર્થક હતા કાંશીરામના મતે એ આત્મસન્માન, આત્મનિર્ભરતા, સ્વાભિમાન વગર શક્ય નથી. તેમના માનવા પ્રમાણે આપણે આપણા સંસાધનો (રૂપિયા, માનવ સંસાધન) અને સંચાર માધ્યમ ઉભા કરવા જોઈએ.

કાંશીરામ સાહેબે દેશનાં મહાનુભાવોનાં વિચારો અને કાર્યોમાંથી પ્રેરણા લઈને સ્વતંત્ર ભારતનાં વાસ્તવિક ગુલામ માનવીઓને એક દિશા ચીંધી તથા ગૌરવપૂર્વક અને સ્વાભિમાની જીવન જીવવા તૈયાર કરવા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી નાખ્યું. દેશ તથા સમાજ ને પોતાના ઉત્તરાધિકારી તરીકે 2001 માં એક મજબૂત મહિલા નેતા 'બહેનજી' આપ્યા અને બસપાની જવાબદારી માયાવતીજી ને સોંપી. દેશના બહુજન હિતકારી નાયક ને વંદન..
- ટ્વીંકલ પરમાર (ધંધુકા)

કોઈ પણ સમુદાય ની પ્રગતિ, હુ એ સમુદાય ની મહિલાઓ એ હાંસિલ કરેલી પ્રગતિ ના આધાર પર માપું છું.
- બાબાસાહેબ ડો આંબેડકર

પ્રબળ ઈચ્છા ધરાવનાર વ્યક્તિ જ સાચો ઈતિહાસ જાણીને નવો ઈતિહાસ રચી શકે છે. – મૌલિક દીક્ષિત

જીન લોગો કો નયા ઈતિહાસ બનાના હૈ, ઉનકો પુરાને ઈતિહાસ સે સબક શીખના જરૂરી બન જાતા હૈ

આ લાઇન વાંચીને જ કદાચ તમને અંદાજો આવ્યો હશે કે કેવો મહાન માણસ રહ્યો હશે જેના આ વિચાર છે. ઈતિહાસ જ્યારે કરવટ બદલતો હોય ત્યારે એ ઘણું શીખવી જતો હોય છે ત્યારે વ્યક્તિને ખરેખર એમ લાગે છે કે વર્તમાન બદલાઈ રહ્યું છે પણ ખરેખર એ ઈતિહાસ નું પુનરાવર્તન થઈ રહ્યું હોય શકે છે.

આવું જ વાક્ય ઘણી જગ્યાએ આપણે હમેંશા સાંભળતા રહ્યા છીએ, જાહેરમાં કહેતાં રહ્યા છીએ પણ કદાચ બોલી સાંભળીને પણ આપણે તેને અનુભવ્યું નથી. એક વ્યક્તિ ઘણી ચિંતા કરતો અને જેમ કેટલાય લોકો અનુભવી રહ્યા છે અથવા તો મુંઝવણ માં છે કે શું કરવાનું હતું ને શું કરી રહ્યા છીએ. આ બધા મનના વિચાર વચ્ચે ઓળખીતા એ આપેલ એક પુસ્તક એક જ રાતમાં ત્રણ વાર વાંચી જાય છે અને હચમચી જાય છે. ત્યાર બાદ બીજું પુસ્તક વાંચે છે અને ઊંડાણ પૂર્વક અભ્યાસ કરે છે અને ત્યારબાદ ધીમે ધીમે મનમાં હળવાશ આવતી જાય છે કે રસ્તો દેખાય રહ્યો છે મંઝિલ નો. શુ કરવાનું છે એ ધીમે નક્કી થઈ રહ્યું છે અને થોડા જ સમયમાં ઘર-પરિવાર અને નોકરી છોડીને સમાજનાં ઉત્થાન માટે નીકળી પડે છે. ઘર પરિવાર અને નોકરી છોડેલ આ વ્યક્તિ સાઇકલ પર ભારત ભ્રમણ કરીને એક અલખ જગાવે છે અને ના વેચાવા વાળા બહુજન સમાજનું નિર્માણ કરે છે. આ યુગપુરુષ બીજું કોઇ નહિ પણ, આપણાં માન્યવર કાંશીરામ સાહેબ હતા.

જી હાં, બરાબર જ વાંચ્યું એક જ રાતમાં બાબાસાહેબ લિખિત Annihilation of Caste (જાતિભેદ નો વિચ્છેદ) ત્રણ વાર વાંચીને હચમચી જાય છે અને ત્યારબાદ બીજા 2 પુસ્તક બાબાસાહેબ આંબેડકર લિખિત “કોંગ્રેસ અને ગાંધીએ અસ્પૃશ્યો માટે શું કર્યું” અને જ્યોતિબા ફુલે લિખિત “ગુલામગીરી” વાંચીને અભ્યાસ કર્યો.

હવે થોડું પાછળ જઈએ... શું બનાવ બન્યો કે જેણે કાંશીરામ સાહેબ ને વિચારવા મજબૂર કરી દીધાં કાંશીરામ સાહેબ DRDO ની પરીક્ષા પાસ કરી HEMRL(હાઇ એનર્જી મટીરીયલ્સ રિસર્ચ લેબોરેટરી) માં સહાયક વૈજ્ઞાનિક તરીકે પુનામાં નોકરી કરતાં હતાં. અને એ અરસામાં જોતા દેશમાં અનુસૂચિત જાતિ સમાજ હતાશ-નિરાશ બની રહ્યો હતો, અત્યાચાર વધી રહ્યો હતો અને દેશની રાજનીતિમાં અસ્તિત્વ નામશેષ થઈ રહ્યું હતું. અને બનાવ એવો બન્યો કે 1964માં આંબેડકર જયંતિ અને બુદ્ધ પૂર્ણિમા ની રજા કેન્સલ કરવામાં આવી. મહારાષ્ટ્રમાં બાબાસાહેબ અને ફુલેની વિચારધારા થોડી ઘણી પણ વિકસેલી હોવાથી ચોથા વર્ગના કર્મચારી માનનીય દિના ભાણા સાહેબ એ અવાજ ઉપાડ્યો અને ધીમે ધીમે દિના ભાણા અને અન્ય પછાત જાતિના લોકો એ આંદોલન નું સ્વરૂપ આપી દીધું જેણે ક્રાંતિની અનોખી પહેલ ઉભી કરી, જેણે કાંશીરામ સાહેબના જીવન ની દિશા પણ બદલી નાંખી. આ આખા આંદોલન તથા લડીને નોકરી અને રજા બંને માંગણીઓને સરકાર સામે જીતવામાં કાંશીરામ સાહેબની વ્યૂહરચના કામ લાગી.

Annihilation of Caste વાંચીને જ કાંશીરામ સાહેબે નક્કી કરી લીધું કે હવેની લડાઇ ક્યાં અને કયા મોરચે લડવાની છે. ત્યારબાદ સાહેબે પાછું ફરીને જોયું નથી. કાંશીરામ સાહેબે અનુભવ્યું કે મિશન ચલાવવા માટે પૈસા પણ જોઇશે અને બુદ્ધિ પણ એટલે એમણે SC/ST/OBC અને Minority (જે દેશની 85% જેટલી વસ્તી છે) એટલે કે બહુજન સમાજનાં સરકારી કર્મચારીઓનું સંગઠન BAMCEF(બેકવર્ડ કલાસ એન્ડ માઈનોરિટી કમ્યુનિટી એમ્પ્લોઇઝ ફેડરેશન) 6 ડિસેમ્બર, 1978 માં બનાવ્યું. ત્યારબાદ સમય જતાં થઈ રહેલા અત્યાચારો સામે લડવા અને અવાજ ઉઠાવવા માટે 6 ડિસેમ્બર, 1981 એ DS4 (દલિત શોષિત સંઘર્ષ સમાજ સમિતિ) ની રચના કરી અને બાબાસાહેબનું સ્વપ્ન એટલે કે દેશનાં શાસનકર્તા સમાજ બનવાનું પુરુ કરવા તેમજ નામશેષ થયેલ બહુજનો નાં રાજકીય અસ્તિત્વ ને ઊભું કરવા માટે BSP-બહુજન સમાજ પાર્ટીની સ્થાપના 14 એપ્રિલ, 1984 એ કરી. અને અથાગ પ્રયત્નો બાદ

કાંશીરામ સાહેબે BAMCEF, DS4 અને BSP બનાવીને ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના Educate, Agitate અને Organise ના સૂત્રને ચરિતાર્થ કર્યું. બહુજન સમાજ પાર્ટીએ દેશના સૌથી મોટાં રાજ્ય અને જાતિવાદથી ગ્રસ્ત એવા ઉત્તરપ્રદેશમાં એકવાર નહી, બે વાર નહી પણ ચાર વખત સરકાર બનાવી. એટલું જ નહીં આ રાજ્યની સતાની દોરી એક મજબૂત મનોબળ વાળી સ્ત્રી બહેન માયાવતીજીને મુખ્યમંત્રી બનાવીને આપી. આ ઘટનાએ જ દેશની સદીઓ પુરાણી મનુવાદી અને પિતૃસતાત્મક વ્યવસ્થાને તમાચો આપ્યો. બાબાસાહેબ આંબેડકર લિખિત ભારતનું બંધારણનો સંપૂર્ણ પણે અમલ કરાવવો એ જ બહુજન સમાજ પાર્ટીનો ઉદ્દેશ્ય અને મેનિફેસ્ટો છે.

એક પ્રબળ મજબૂત મનોબળ અને ઈચ્છાશક્તિ ધરાવતા આ યુગપુરુષે હમેંશા નવા પ્રયોગ કરીને અવસરનો લાભ લઈને પણ દેશનાં શોષિત-વંચિત સમાજને ભારતીય રાજકારણનાં કેન્દ્રમાં લાવીને મૂકી દીધો અને ભુલાવી દેવામાં આવેલ ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને એટલા પ્રાસંગિક બનાવી દીધા કે આજે રાજકારણમાં કોઈપણ પક્ષે એમનાં વિચારો રજૂ કરવા પડે.

આસાન નથી કાંશી રામ બનવું. – રાજુ સોલંકી

કાંશીરામજીને મેં પહેલી વાર લગભગ ૧૯૮૩-૮૪ માં અમદાવાદના ડો આંબેડકર હોલમાં સાંભળ્યા હતા. બામસેફનું સંમેલન હતું. બલદાસ પરમાર અને વિશ્રામ પરમાર એ કાર્યક્રમ ના સંયોજક હતા. એ વખતે બહુજન સમાજ પાર્ટીનું ગઠન તો નહોતું થયું, પરંતુ બહુ જલ્દી થવાનું હતું. "કાંશી રામ જેવા નેતા પોતાના થેલા માં પોતાની પાર્ટી નો લેટર પેડ સાથે લઈને ફરતા હોય છે", એવી ટીપ્પણી વાસુદેવ મહેતાએ સંદેશ સમાચાર માત્ર માં કરી હતી એ મને યાદ છે. એ સમયે કાંશીરામજી જોડે જે લોકો હતા, આજે તેઓને કોઇ ઓળખતું નથી. કાંશીરામજી આખી રાત પોસ્ટર લગાવી ને કાલુપુર રેલ્વે સ્ટેશન નીચે પેપરની પથારી કરીને સુઇ ગયા હતા, ત્યારે મુકેશ વોરા તેમની સાથે હતા. તેમને કોણ ઓળખે છે હવે? કોણ ઓળખે છે, ભરૂચના મહેશ વાઘેલાને જે ત્રીસ વર્ષ પહેલા સાહેબ માટે બનીયાન ખરીદી લાવતા હતા?

દુનિયા સત્તાની દીવાની છે. ગુજરાત માં અમે જોયું છે. ચૂંટણી ના સમયે બસપાની ઓફીસ પર ટીકીટના ભૂખ્યા લોકોનું લંગર લાગી જાય છે. લાગે છે કે, જાણે ગુજરાત ની બધી ૧૮૨ સીટો જીતી જશે. ચૂંટણી પછી મિશનની વાતો કરવા વાળા કયું કમીશન લેવામાં ખોવાઈ જાય છે એ ખબર નથી પડતી. હકીકતમાં માં વાત એમ છે કે, બધા લોકો માયાવતી બનવા માંગે છે, કોઈને પણ કાંશીરામ નથી બનવું. કેમ કે માયાવતી બનવાનો અર્થ છે સત્તા અને કાંશીરામનો અર્થ છે પાયા ની ઇંટ.

કાંશીરામ બનવું આસાન નથી. કેમ કે, કાંશી રામ બનવાનો અર્થ છે, પાયાની ઇંટ બનવું.. કાંશી રામનો અર્થ છે પૂરી જીંદગી નું સમર્પણ. કાંશી રામનો અર્થ છે, સાઇકલ રેલીયો, અવિરત લોકસંપર્ક, જનજાગૃતિ, સંગઠનની અહેમિયત અને લોકો પ્રત્યે નિષ્ઠા. નેવું ટકા લોકો રીઝલ્ટ જોવે છે, પ્રક્રિયા નથી જોતા. એક માણસ એ પોતાની જીંદગી ની રાજકીય, સામાજિક, સંગઠનીક પુંજીને એક અજાણી છોકરીને સોંપી દીધી અને દલિતો ના ઈતિહાસ નો એક ગૌરવપૂર્ણ ઈતિહાસ લખવાનો મોકો આપ્યો.

હવે એ અવસર નીકળી ગયા છે. જો તમે ફરી થી ઇતિહાસ નું પુનરાવર્તન કરવા માંગો છો, તો તમારે કાંશીરામ જોઇશે. દેશના દરેક રાજ્યમાં એક કાંશીરામ જોઇશે. કેમ કે કાંશીરામ હશે તો જ માયાવતી પેદા થશે. પાયાની ઇંટ હશે તો જ ઈમારત બનશે. અફસોસની વાત એ છે કે, આપણે કાંશીરામ નથી બનવા માંગતા. આપણા માંથી કોઇ પણ વ્યક્તિ પેરેલીસીસથી નથી મરવા માંગતું.

– રાજુ સોલંકી (દલિત અધિકાર બ્લોગ)

તો મિત્રો, આ તાકાત છે ઇતિહાસની. પ્રબળ ઈચ્છા ધરાવનાર વ્યક્તિ એ સાચો ઈતિહાસ જાણી સમજીને ઈતિહાસ બનાવી દીધો.

હવે તમે જ વિચારો મેં કેમ પહેલી લાઇન માં કહ્યું કે આ વિચાર એક મહાન માણસનો છે. જેણે ન માત્ર અનુભવ્યું પણ કરી બતાવ્યું કે,
"બેશક યે હોઉં શક્ત હૈ,
જરૂરત ચંદ ઈમાનદાર લોગો કી ફક્ત હૈ."

કાંશીરામ સાહેબ ના જન્મદિન પર તેઓ ને નમન અને દેશ-વિદેશનાં બહુજનો ને બહુજન સમાજ દિનની મંગલકામનાઓ.

- મૌલિક દીક્ષિત

મહામના જ્યોતિબા ફૂલેના કારણે આપણે વાંચી લખી શક્યા, છત્રપતિ શાહુજી મહારાજના કારણે આપણને નોકરીઓ માં જવાનો મોકો મળ્યો, અને બાબાસાહેબ ડો આંબેડકરના કારણે આપણને જીવન ના દરેક ક્ષેત્ર માં આગળ વધવાનો મોકો મળ્યો. આ ત્રણ મહાપુરુષોથી પ્રેરણા લઈને આપણે પોતાનામાં સુધાર લાવીશું અને સફળ થઇશું. - સાહેબ કાંશીરામ

બાબાસાહેબની મુવમેન્ટ એક શરીર છે, જેમાં સામાજિક, રાજનીતિક અને સંસ્કૃતિક આ અંગ જરૂરી છે. જેમાંથી એક પણ અંગ છોડી દેવામાં આવે તો શરીર ખરાબ થઇ જશે અને બીમારી વધી જશે. એટલા માટે આપણે બધી મુવમેન્ટ ને એક સાથે આગળ વધારવી જરૂરી છે. – સાહેબ કાંશીરામ

આરક્ષણ કોઇ રોજી-રોટીનો મામલો નથી, આ દેશના શાશન-પ્રશાસન માં ભાગીદારી નો મામલો છે. જો લોકશાહી માં લોકોનો બરાબર ભાગ નથી હોતો તો એ પ્રજાતંત્ર સારી રીતે નથી ચાલી શકતું. રાષ્ટ્ર ની વાત આગળ નથી વધી સકતી અને તે પિછડી જાય છે. – સાહેબ કાંશીરામ

મહામના જ્યોતિબા ફૂલે, શાહુજી મહારાજ અને બાબાસાહેબ ડો આંબેડકરના વિષય માં હુ હમેશા વિચારતો રહ્યો છું કે, સૌથી મોટું કામ જે આ ત્રણ મહાપુરુષોએ પોતાના જીવન માં કર્યું છે, એ કામ છે, છુઆછૂત નો અંત, અને ત્યારબાદ અભણ લોકોને વાંચવા લખવાનો મોકો. એટલે ખાસ કરીને જે લોકો હજારો વર્ષો સુધી છુઆછૂતનો શિકાર રહ્યા છે એ લોકો એ આ ત્રણ બાબતોના વિષય માં જાણકારી રાખવી જરૂરી છે – છુઆછૂતનો અંત, વાંચવા લખવાની શરૂઆત અને ત્યારબાદ આરક્ષણ. આ વાતો માટે આપણે, ખાસ કરી ને અછૂત કહેવા વાળા લોકો એ આ ત્રણ મહાપુરુષોનું ઋણી રહેવું જોઇએ. – સાહેબ કાંશીરામ

ગામડા અંગે ડૉ. આંબેડકરનો વિચારવિસ્ફોટ –મયુર વાઢેર

ડૉ. બાબાસાહેબ આંબેડકરે અઢી દાયકાની ઉંમર વટાવી નોહતી તે પહેલા જ તેમણે સમકાલીન ભારતનાં આર્થિક-સામાજિક ચિંતનને મહત્વનું ગણી તેનો ગંભીર અભ્યાસ આદર્યો હતો. તેની સમાંતરે, તેઓ બ્રાહ્મણવાદે દેશના કરોડો બહુજન વર્ગને કરેલા ઐતિહાસિક અન્યાયના ઇતિહાસને ગંભીરતાથી સમજી રહ્યા હતાં. તેથી જ વીસમી સદીનાં ભારતમા તેમણે ગહન અભ્યાસ અને ચિંતન કરીને પ્રતિપાદિત કરેલા તેમના વિચારો તોફાની દરીયા જેમ ઘૂઘવતાં લાગે છે. તેમના વિચારોમાં અન્યાય, અસમાનતા અને શોષણની અસહ્ય પીડા ભળી. પરીણામે, ડૉ. આંબેડકરની પીડા આક્રોશમાં પરીણમી. તેથી જ ડૉ. આંબેડકરના વૈચારિક વિરોધીઓ પણ તેના આક્રોશને વ્યાજબી માની રહ્યાં છે. અલબત્ત, તેમનો આક્રોશ પણ આધુનિક ભારતનાં ઘડતરમાં લોકતાંત્રીક મૂલ્યોની મહેક વહેતી કરવા માટે જ હતો. તે માટે તેમને સવર્ણોની પ્રતિનિધિ સંસ્થા એવી કોંગ્રેસ અને હિન્દુ મહાસભાનાં અનેક નેતાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડ્યું હતું. તે સંઘર્ષમાંથી ભારતની રાજકીય આઝાદીનાં 'પ્રમુખ લડવૈયા' તરીકે પંકાયેલા ગાંધીનાં વર્ણપ્રથાને સમર્થન આપતાં વિચારો ઉઘાડા થયા. જે એક 'મહાત્મા' કે 'સંત'નું બનાવટી બિરૂદ પ્રાપ્ત કરેલા નેતાને છાજે તેવા ન હતાં.

આધુનિક ભારતનાં ઇતિહાસમાં ઇ.સ. 1857માં થયેલો કથિત વિપ્લવને એક ચર્ચાસ્પદ બનાવ ગણવામાં આવે છે. વી.ડી. સાવરકર તો તે ઘટનાને 'અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાના રાષ્ટ્રીય યુદ્ધ' તરીકે ગણાવે છે; તો અશોક મહેતા પણ તેને 'રાષ્ટ્રવાદની ભાવનાયુક્ત અંગ્રેજો સાથેનું યુદ્ધ' ગણાવે છે. પણ આ ઘટનાના પરીબળો અને તેની અસરોને ઝીણવટથી તપાસતાં ઇ.સ. 1857નાં કથિત વિપ્લવ કોઇ હિસાબે રાષ્ટ્રીય ચળવળ જણાતી નથી. ઇતિહાસકાર આર.સી. મજમુદારને તે ઘટનામાં ભાગ લેનારા રાજવીઓમાં રાષ્ટ્રીય ભાવના દેખાતી નથી. જો કે ઇતિહાસમાં એ ઘટનાનો એક નિષ્ફળ વિપ્લવ તરીકે અભ્યાસ કરવામાં આવે છે. પણ ધારણા ખાતર માની લઇએ કે 1857મા થયેલો વિપ્લવ સફળ થયો હોત અને અંગ્રેજોએ ભારતને આઝાદી આપી હોત તો એ આઝાદી દલિતોના લમણે લખાઇ હોત? *જે સંસ્કૃતિએ દલિતોને જાહેર સ્થળેથી પાણી પીવાનો અધિકાર પણ આપ્યો નોહતો. તેણે દલિતોને શિક્ષણ, નોકરી કે રાજકીય સત્તાનાં પરીઘમા તેનો હિસ્સો આપ્યો હોત? સાંપ્રત ભારતના સામાજિક-આર્થિક અન્યાયના મૂળિયાં લુચ્ચી વર્ણવ્યવસ્થામાં ખૂંપેલા છે. વર્ણવ્યવસ્થાએ દલિતોને ગુલામીપ્રથા કરતાં પણ વધારે ભયાનક શોષણગ્રસ્ત અવસ્થામાં રીબાવ્યાં હતા.*

ગાંધી વર્ણવ્યવસ્થાને સમાજ માટે ઉમદા સ્વરૂપ માનતા હતા. તેમના મતે, "વર્ણવ્યસ્થા આપણે કર્તવ્ય શીખવે છે." એટલું જ નહિ તેઓ તો વર્ણાશ્રમ ધર્મની પુનઃસ્થાપના કરવાના હિમાયતી હતાં. ડૉ. આંબેડકર અને ગાંધીજી વચ્ચે સૈદ્ધાંતિક મતભેદો અહીંથી જ વિકસે છે. સ્વાધિનતાના આંદોલન કાળમાં ડૉ. આંબેડકર અને ગાંધિ બંન્ને વચ્ચે રહેલી અસહમતી પર પણ તંદુરસ્ત વિમર્શ જરૂરી છે. પરાધિન ભારતમાં ડૉ. આંબેડકર અને ગાંધીની ગુલામીની અનુભૂતિમાં ફર્ક હતો. ગાંધીને દેશમાં અંગ્રેજોની ગુલામીની અનુભૂતિ હતી; તો ડૉ. આંબેડકરને વર્ણ અને દેશ બંનેની ગુલામીની અનુભૂતિ હતી. એ વખતે દલિતોના ઘરે જન્મેલ બાળક પહેલા સવર્ણોનું ગુલામ હતું પછી અંગ્રેજોનુ ગુલામ હતું. તેથી જ *ડૉ. આંબેડકરે કહ્યું હતું કે, "દલિતો તો ગુલામોનાં પણ ગુલામ છે."* ડૉ. આંબેડકરની ગુલામીની અનુભૂતિમાં જે અકળામણ છે તેમાંથી જ ડૉ. આંબેડકર એક ક્રાતિકારી યુગપુરૂષ તરીકે પ્રગટ થાય છે. જે ગાંધીના માર્ગથી તદ્દન જુદો હતો. તેમણે તેનો અલગ જ માર્ગ પ્રશસ્ત કર્યો. જે ગાંધીના માર્ગ કરતા વધારે સફળ રહ્યો. આજે ભારતમાં દલિતોની દારૂણ ગરીબીની તસવીર જોવા મળે છે તેના માટે લોકોની માનસિકતાના તળિયે બેસી ગયેલી જડ વર્ણવ્યસ્થાની અસર લેખી શકાય.

શહેરીકરણના ઉદ્વિકાસની પ્રક્રિયાની ગતિશીલતા વધતી ગઇ તેમ જરીપૂરાણી વર્ણવ્યવસ્થાની અસર શહેરોમાં ભલે આછી દેખાતી હોય પણ ત્યાં'ય તે ઓછી તો નથી. બીજી તરફ *ગામડાંમાં આજે'ય જોવા મળતી દલિતોના અલગ રહેઠાણની વ્યવસ્થા ભારતમા જીવતી વર્ણવ્યસ્થાની ચાડી ખાઇ છે. ડૉ. આંબેડકર કહેતા, "ગામડું હિન્દુ સામાજિક વ્યવસ્થાનું ધમધમતું કારખાનું છે. અહીં હિન્દુ સામાજિક વ્યવસ્થાને પૂરજોશમાં કામ કરતી જોઈ શકાય છે. સરેરાશ હિંદુ જ્યારે પણ ગામડા વિશે બોલે છે ત્યારે હંમેશા ઉન્માદમાં હોય છે. તે તેને સામાજિક સંગઠનનુ આદર્શ સ્વરૂપ ગણે છે. તેઓ દુનિયામાં ક્યાંય ગામડાનો જોટો ન જડે તેવું આદર્શ એકમ ગણે છે." ભારતનાં ગામડામાં થઈ રહેલા દલિત ઉત્પિડન સંદર્ભે ડૉ.આંબેડકરની કેફીયત 24 કેરેટ સોના કરતા મૂઠી ઉંચેરી જણાય છે. દલિત યુવાનોને ઘોડા પર બેસી ફુલેકુ ફેરવવા ન દેવું, મૂછ રાખવા ન દેવી, તેને મોજડી પહેરવા ન દેવી, દલિત સરપંચને ગ્રામપંચાયતમાં ખુરશી પર બેસવા ન દેવો, કે તેને રાષ્ટ્રીય તહેવારો પર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવા ન દેવો વગેરે જેવા દલિતોનાં માનવ ગૌરવભંગની ઘટનાઓ ગામડામા બને છે. દેશમાં ચકચાર મચાવી દેનારા ખેરલાંજી હત્યાકાંડ, લક્ષ્મણપુર-બાથેકાંડ, ઉનાકાંડ, સહારનપુરકાંડ જેવા અનેક અત્યાચરો ગામડાની ધરા પર જ બને છે.*

દલિતોના રક્ષણ અંગે બંધારણીય જોગવાઇઓ અને સામાજિક વાસ્તવિકતા વચ્ચેની ખાઇ એટલી પહોળી શા માટે છે?

લોકતાંત્રિક મૂલ્યો સામાજિક ચેતના તરીકે શા માટે વિકસ્યાં નહીં? બંધારણનાં અનુચ્છેદ 14 અને 17 અંતર્ગત જાતિગત ભેદભાવ અને અસ્પૃશ્યતા ગેરબંધારણીય હોવા છત્તા તેના પ્રત્યે સરકારનું કૂણું વલણ શા માટે છે? નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોનાં 'ક્રાઇમ ઇન ઇન્ડીયા' શિર્ષક હેઠળ પ્રકાશિત થયેલા રીપોર્ટ પ્રમાણે વર્ષ 2018માં 42,792 અત્યાચારનાં કેસ નોંધાયા હતાં. આ આંકડાઓમાં દલિતો પર અત્યાચાર થયો હોય પણ પોલીસ કેસ નોંધાયો ન હોય તેવા આંકડાઓ સમાવિષ્ટ કરવામાં આવ્યા નથી.

બાબાસાહેબ ડૉ. આંબેડકરે બંધારણમાં રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો(D rect ve Pr nc ples)માં પંચાયતી રાજનાં પ્રકરણની ચર્ચા વખતે ભારતના ગામડાંની વરવી હકીકતો તરફ ધ્યાન દોર્યું હતું. બાબાસાહેબ ડૉ. આંબેડકરે ગામડાને સંકુચિતતા, અજ્ઞાન અને કોમવાદનું કેન્દ્ર કહીને ગાંધીજીની "ગ્રામસ્વરાજ એટલે પંચાયત" એવી સંકલ્પનાનો છેદ ઉડાડ્યો હતો. *બાબાસાહેબ માનતા કે જો ભારત રાષ્ટ્રવાદ પેદા કરવામાં અને રાષ્ટ્રીય જૂસ્સાનું નિર્માણ કરવામા સફળ ન થયું હોય તો તેનું મુખ્ય કારણ ગ્રામીણ વ્યવસ્થાનું અસ્તિત્વ છે.*

તે વખતે બાબાસાહેબ ડૉ. આંબેડકર 21મી સદીના પડકારોને *ગંભીરતાથી સમજીને દેશને ચેતવણી આપતાં હતા. અને તેથી જ બાબાસાહેબ માત્ર બંધરણનાં ઘડવૈયા જ નહી રાષ્ટ્ર નિર્માણના મહાનાયક પણ છે. તેઓ જ્ઞાતિવાદથી ખદબદતાં ભારતનાં ગામડાઓની તસવીર ઝીણવટથી જોઈ રહ્યાં હતાં. તેઓ જાણતા હતા કે શહેરી આવકના સ્ત્રોતો દેશના કરોડો શોષિત ખેત-મજૂરોને ગામડાનાં જાતિવાદી સામંતીઓ જેટલા નહિં સતાવે છે. તેથી જ તેમણે દેશના કરોડો શોષિતોને 'ગાંવ છોડો શહેર ચલો'નો નારો આપ્યો હતો.* હિન્દુ સામાજિક માળખું ઉંચ-નીચના પાયા પર ટકેલું હોવાથી દલિતોને આર્થિક પ્રવૃતિમાં પણ પાછળ ધકેલી દેવામાં આવ્યાં છે. તેથી જ સમાજના જઘન્ય અત્યાચારોનો સૌથી વધારે ભોગ દલિતો જ બને છે. સાહિત્યમાં કવિ-લેખકોએ તેની કવિતામાં રૂપાળા શબ્દો પ્રયોજીને ગામડાંનાં જે ભરપેટ વખાણ કર્યાં છે તે તો ગામડાંમાં ઉભેલા કટ્ટર જાતિવાદનાં ઉકરડાને ઢાંકવા માટેનો ચાલાકીભર્યો કીમીયો જ છે. આજે પણ રાજ્ય અને દેશના ગામડાંમાં ખેતમજૂરી કરીને જીવન વ્યતિત કરતા શોષિતોના જખમોની કવિતા વાંચશો તો મુખ્યધારાનાં સાહિત્યકારોએ ગામડા અંગે કરેલા ભરપેટ વખાણનો બોદો અવાજ તો જરૂર સંભળાશે.

-મયુર વાઢેર

જે રીતે એક છોડને પાણીની આવશ્યકતા હોય છે, એ જ રીતે વિચારોને પણ પ્રચાર-પ્રસારની જરૂરત રહે છે. નહિ તો બંને કરમાઇ ને નષ્ટ થઇ જશે.
- બાબાસાહેબ ડો ભીમરાવ આંબેડકર

સત્તાની ચાવી પર કબજો કરવો કેમ જરૂરી છે?- સાહેબ કાંશીરામ

મલેશિયાની રાજધાની કુઆલાલમ્પુરમાં યોજાયેલ પ્રથમ વિશ્વ દલિત સંમેલનમાં માન્યવર સાહેબ કાંશી રામએ બહેન ફૂલન દેવી સાથે હાજરી આપી હતી. આ સંમેલનમાં માન્યવર સાહેબ એ *"સત્તા ની માસ્તર ચાવી પર કબજો કરવો કેમ જરૂરી છે?"*એ વિષય પર પોતાના ભાષણ માં કીધું હતું કે,

બાબાસાહેબ આંબેડકર એ કહ્યું હતું કે, *"રાજનીતિક સત્તા એ માસ્ટર ચાવી છે, જેનાથી તમે વિકાસ અને સન્માન નાદરવાજા ખોલી શકો છો."* મહારાષ્ટ્રના આપણા સાથીઓ લગભગ છેલ્લા ૨૫ વર્ષો થી મહારાષ્ટ્ર માં યુનીવર્સીટીનું નામ બદલીને બાબાસાહેબ આંબેડકર યુનીવર્સીટી કરવા માટે આંદોલન કરી રહ્યા છે. પરંતુ તમે લોકો આમાં સફળ ના થઇ શક્યા, કેમ કે તમે મહારાષ્ટ્ર માં શાસક નથી બની શક્યા, તમારી પાસે રાજનીતિની માસ્ટર ચાવી નથી. વર્ષ ૧૯૮૯ માં રાજીવ ગાંધી લખનૌ આવ્યા અને તેમણે ત્યાં "આંબેડકર યુનીવર્સીટી" નો પાયો નાખ્યો. મહારાષ્ટ્ર માં જ્યાં એક બાજુ જ્યાં કોંગ્રેસ યુનીવર્સીટીનુ નામ બદલવા માટે સાફ મનાઈ કરી રહી છે, બીજી બાજુ લખનૌમાં એ જ કોંગ્રેસ એ આંબેડકર યુનીવર્સીટીની નીંવ રાખી.. આવું કેમ થયું? ઉતરપ્રદેશના લોકો એ તો ક્યારેય પણ આંબેડકર યુનીવર્સીટીની માંગ નથી કરી, આ માંગ તો મહારાષ્ટ્રના લોકો એ કરી હતી!! તો પછી આ માંગ ઉતરપ્રદેશમાં કેમ પૂરી કરવામાં આવી રહી હતી? *કોંગ્રેસ યુ.પી માં આંબેડકર યુનીવર્સીટી બનાવવા માટે આટલી ઉત્સાહિત કેમ હતી? આવુ એટલા માટે થયું કેમ કે, ઉતરપ્રદેશ ના લોકો રાજનીતિક માસ્ટર ચાવીની તરફ પોતાનો હાથ આગળ વધારી રહ્યા હતા, એટલા માટે શાસક વર્ગએ માસ્ટર ચાવીને યુનીવર્સીટી ની આડ માં છુપાવવા માંગતા હતા. (હસવાનો અવાજ)*

ઉતરપ્રદેશ માં સત્તાની માસ્ટર ચાવી મેળવી ન અમે એક નહિ, કેટલીય યુનીવર્સીટીઓ બનાવી, જેના માટે મહારાષ્ટ્ર ના લોકો કેટલાય વર્ષો થી આંદોલન કરી રહ્યા હતા. વર્ષ ૧૯૯૪ માં અમે કાનપુરમાં શાહુ મહારાજ યુનીવર્સીટીનો પાયો રાખ્યો, ૧૯૯૬માં અમે મહાત્મા ફૂલે યુનીવર્સીટી અને ડો આંબેડકર યુનીવર્સીટી બનાવી. આના સિવાય દિલ્હ ની નજીક ગૌતમ બુદ્ધ યુનીવર્સીટી માટે ૨૦૦ એકર જમીનનું અધિગ્રહણ પણ કર્યું..

આ સિવાય અમે આપણા મહાપુરુષોને સન્માન આપવા તથા વિકાસના કામોને તેજ કરવા માટે યુ.પી માં ૧૭ નવા જીલ્લાઓની રચના કરી. આના થી સાફ જાહિર થાય છે કે, *તમે જાતિ નો ઉપયોગ પોતાના હિત માં કરી ને રાજનૈતિક સત્તા ની માસ્ટર ચાવીને પોતાના હાથ માં લઇ શકો છો અને પોતાના સમાજ ને આત્મસન્માન અને વિકાસ ની જીંદગી અપાવી શકો છો.*

-માન્યવર સાહેબ કાંશી રામ

વર્તમાન ભારતીય બંધારણમાં શુદ્ર(OBC) અને અતિશુદ્ર(SC ST) સમાજનાં બહુજન મહાપુરુષોનો 200 વર્ષ લાંબો સંઘર્ષ છુપાયેલો છે. – પ્રવીણ કુમાર

બંધારણ વિશે બહુજન સમાજને જાગૃત કરવો આપણાં માટે અત્યંત જરૂરી છે. જાણે અજાણે અજ્ઞાનતાને કારણે બહુજન સમાજ સાથે સદીઓથી છેતરપિંડી થઇ રહી છે. એ અજ્ઞાનતાવશ ફરીથી છેતરપિંડી ન થાય તે માટે સમાજને, દેશનાં સૌથી મોટાં સમાજને, 100માંથી 85% સમાજને, 130 કરોડની જનસંખ્યા માંથી 110 કરોડ જનસંખ્યા વાળા સમાજને દેશનાં ખૂણે ખૂણે થી જાગૃત કરવો અત્યંત જરૂરી બની ગયું છે. અજાણતા જ આ સમાજ સાથે, આ દેશનાં બહુજનો સાથે સદીઓથી છેતરપિંડી થઇ રહી છે, આ પ્રકારની છેતરપિંડી ભવિષ્યમાં ન થાય તે માટે સમાજને જાગૃત કરવાનું કામ દેશનાં ખૂણેખૂણામાં બહુજન સમાજની દરેક જાતિઓએ, બહુજન સમાજનાં દરેક અંગ એ, દેશનાં ખૂણેખૂણામાં ફેલાયેલા બહુજન સમાજનાં દરેક વ્યક્તિ સુધી આ જાણકારી પહોંચાડવી બહુ જરૂરી છે.

કઇ જાણકારી?

કે આ દેશનું બંધારણ જે 26 જાન્યુઆરી 1950નાં રોજ લાગૂ થયું એ કંઇ એકાએક નથી થયું. તે બે ત્રણ વર્ષની જે બંધારણ ઘડનારી બંધારણસભા હતી એણે બંધારણ એકાએક નથી બનાવ્યું. આ બંધારણ પાછળ શુદ્ર અને અતિશુદ્ર સમાજનો લગભગ 200 વર્ષ જૂનો સંઘર્ષ જોડાયેલો છે. આ જાણકારી શુદ્ર અને અતિશુદ્ર સમાજનાં દરેક અંગને દેશનાં દરેક ખૂણામાં પહોંચાડવી એ લક્ષ્ય આપણે બનાવવું જરૂરી છે. બંધારણ ઘડનારી સમિતિ કે જેને 1946માં બનાવવામાં આવી હતી અને 1947 પછી દેશ આઝાદ થયાં પછી જે બંધારણસભાએ જે બંધારણ બનાવ્યું છે, તે એમણે 1947 થી લઈને 1950 સુધી થોડાં સમયમાં નથી બનાવ્યું, આ બંધારણ પાછળ શુદ્ર અને અતિશુદ્ર સમાજનો 200 વર્ષ નો લાંબો સંઘર્ષ સંકળાયેલો છે.

1912માં બંગાળનાં ચાંડાલોએ આ સંઘર્ષ શરૂ કર્યો, જે ચાંડાલો એ 1946માં બાબા સાહેબ આંબેડકરને બંધારણ સભામાં ચૂંટીને મોકલ્યાં, એ બાબા સાહેબ આંબેડકર મહુમાં જન્મ્યાં, મહારાષ્ટ્રને કર્મભૂમિ બનાવી, દેશભરમાં જાગૃતિ માટે ભ્રમણ કરતાં રહ્યાં પરંતુ 1946માં બંધારણ સભાની સમિતિમાં ચૂંટાઇને જવા માટે બાબા સાહેબ આંબેડકરે ચાંડાલો પાસે જવું પડ્યું હતું. જ્યારે બંધારણ સભામાં જવા માટે ચૂંટણી થઇ તે સમયે 1946માં કોંગ્રેસનાં નેતાઓ(જેમની સાથે બાબા સાહેબ ને લાંબો વૈચારિક સંઘર્ષ થયેલો છે) એ કહ્યું હતું કે, *આ સભામાં કોઈપણ ચૂંટાઇને આવી શકે છે પણ ડૉ. આંબેડકરને અમે ક્યારેય ચૂંટાઈને નહીં આવવા દઈએ. ડૉ. આંબેડકર માટે અમે બધાં દરવાજા જ નહીં પરંતુ બધી બારીઓ પણ બંધ કરી દીધી છે. હવે ડૉ. આંબેડકર માટે બંધારણ ઘડનારી બંધારણ સભામાં પહોંચવું અશક્ય છે.* એટલાં માટે કોંગ્રેસનાં લોકો, મનુવાદી લોકોનાં કારણે બંધારણ સભા ની ચૂંટણીમાં બાબા સાહેબ આંબેડકરે છલાંગ લગાવીને એ સભામાં પહોંચવું પડ્યું હતું અને તે મતવિસ્તાર હતો જેસુર અને ખુલના, જ્યાં ચાંડાલો એ બાબા સાહેબ આંબેડકરને ચૂંટીને બંધારણ સભામાં મોકલ્યાં હતાં. જેસુર અને ખુલના તથા ફરીદપુર અને પડીસાલ નામની બે બંધારણ સભાની સીટો બંગાળમાં હતી, જ્યાં ચાંડાલોની વસ્તી 52% હતી. જ્યાંથી ચૂંટાઇને બાબા સાહેબ આંબેડકરે જવું પડ્યું હતું બંધારણ ઘડનારી સભામાં. અંગ્રેજોની ભલામણ અને તેમની ઈમાનદારીનાં કારણે બાબા સાહેબ આંબેડકરને સિડયૂલ્ડ કાસ્ટ અને સિડયૂલ્ડ ટ્રાઇબ નાં હિતોનું રક્ષણ કરવાની તક મળી હતી. અંગ્રેજો એ એવું નક્કી કર્યું હતું કે જો તમારે લોકોએ સ્વતંત્રતા જોઇતી હોય તો બાબા સાહેબ આંબેડકર કે જેઓ લાંબા સમયથી SC ST નાં હક અધિકારો માટે સંઘર્ષ કરી રહ્યા છે, એમનાં માટે લડી રહ્યા છે તો આ બંધારણ ઘડવાનો મોકો બંધારણ ઘડનારી સભાને બાબા સાહેબ આંબેડકરને સોંપી દેવી જોઇએ. આવી રીતે બાબા સાહેબ આંબેડકરે આ દેશનું બંધારણ ઘડ્યું. આ તક બાબા સાહેબ આંબેડકરને બહું જ મુશ્કેલીથી મળી હતી. મનુવાદીઓએ, કોંગ્રેસનાં લોકોએ બાબા સાહેબ આંબેડકરને હેરાન પરેશાન કરવામાં કંઇ બાકી ન્હોતું રાખ્યું. એ વખતે કોંગ્રેસ મનુવાદને મજબૂત કરી રહી હતી, આજે ભાજપ મનુવાદને મજબૂત કરી રહી છે.

બાબા સાહેબ આંબેડકર બંધારણ ઘડનારી સમિતિમાં પહોંચ્યા અને તેમને SC ST નાં હિતોની રક્ષા કરવાની તક મળી. SC STનાં હિતોનું રક્ષણ કરવાનો મામલો એ કોઇ 1946નો મામલો નહોંતો. 1935માં જે બીજો ઈન્ડિયા એક્ટ બન્યો, એ બીજાં ઈન્ડિયા એકટમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ એમ બે અનુસૂચિ બની. બાબા સાહેબ આંબેડકરનાં સંઘર્ષને કારણે જે બે અનુસૂચિ બની એ 1935નાં બંધારણમાં સમાવિષ્ટ કરેલાં અને તેનાં પહેલાં 1919માં અંગ્રેજો નાં રાજમાં પહેલું બંધારણ બન્યું હતું, જે ફર્સ્ટ ઈન્ડિયા એક્ટ નાં નામે ઓળખાય છે, જેમાં આજની SC અને ST જાતિને ડિપ્રેસ્ડ કલાસીસનો દરજ્જો આપવામાં આવેલો. દબાયેલાં કચડાયેલાં લોકોને આ દરજ્જો મળ્યો અને અંગ્રેજોએ કહ્યું કે અમે આ શોષિત સમુદાય માટે ખાસ વ્યવસ્થા ઉભી કરીશું કારણકે તેમનાં ઉપર કોઇ દબાવ ન ઉભો કરી શકે, એવું 1919માં નક્કી થયું.

1919માં આવું કેમ નક્કી થયું? કારણકે 1919 પહેલાં મહાત્મા જ્યોતિબા ફૂલે અને તેમનાં નિર્વાણ પછી છત્રપતિ શાહૂજી મહારાજે લગાતાર સંઘર્ષ કર્યો હતો. એક માળી સમાજનાં મહાપુરુષે અને એક કુર્મી સમાજનાં મહારાજા એ 1848થી લઈને 1922 સુધી 75 વર્ષ લાંબો અવિરત સંઘર્ષ કર્યો. .

અને આ 75 વર્ષનાં એકધારા સંઘર્ષને કારણે અનુસૂચિત જાતિ અને અનુસુચિત જનજાતિ એમ બે અનુસૂચિ અસ્તિત્વમાં આવી અને તેને આધારે SC ST ને બાબા સાહેબ આંબેડકરનાં કારણે માનવીય અધિકારો મળ્યાં. મનુવાદી સમાજ વ્યવસ્થાનાં કારણે આ લોકોને જે માનવીય અધિકારો ન્હોતા એ માનવીય અધિકારો સતત સંઘર્ષને પ્રતાપે 1848 થી લઈને 1948 સુધી 100 વર્ષ સુધી ફૂલે, શાહૂ, આંબેડકરનો અવિરત સંઘર્ષ ચાલ્યો, જેનાં કારણે માનવતાની બોલબાલા થઈ. મનુવાદ સાથે બાથ ભીડીને માનવતાવાદની બોલબાલા શુદ્ર અને અતિશુદ્ર સમાજનાં મહાપુરૂષો એ આપણાં માટે પ્રાપ્ત કરી. અતિશુદ્ર સમાજનાં લોકોએ જે સંઘર્ષ કર્યો એમાં બંગાળનાં ચાંડાલોએ, તામિલનાડુનાં પેરિયાર લોકોએ, મહારાષ્ટ્રમાં મહારોએ, ઉત્તર પ્રદેશ અને પંજાબનાં ચમારોએ, પૂર્વી રાજસ્થાનમાં બૈરવા લોકોએ, મધ્ય પ્રદેશમાં સતનામીઓએ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણાનાં માલા માલિગા એ સંઘર્ષ કર્યો પરંતુ લાંબો સંઘર્ષ તો 19મી સદીમાં 100-150 વર્ષ પહેલાં થયો અને એ સંઘર્ષનાં કારણે આપણી વાત આગળ વધી.

ફૂલે, શાહૂનાં સંઘર્ષને કારણે 1919નાં બંધારણમાં પહેલાં ઈન્ડીયા એક્ટમાં દબાયેલા કચડાયેલા સમાજની વાત આગળ વધી અને 1935 સુધી બાબાસાહેબ આંબેડકરે જે સંઘર્ષ કરો કર્યો, એનાં કારણે 1935માં જે બીજો ઈન્ડિયા એક્ટ બન્યો એમાં પીડિત શોષિત લોકો માટે બે શિડ્યુલ્ડ બન્યા, એક સિડયૂલ્ડ કાસ્ટ બીજો સિડયૂલ્ડ ટ્રાઇબ. આવી રીતે 1935નાં બંધારણમાં આ ઉપેક્ષિત લોકોને ભણવા લખવામાં અવસર મળ્યો. બીજાં ની સરખામણીમાં જેમની સાથે ભયંકર અન્યાય થયો છે, શોષણ થયું છે એવા લોકોને મુખ્યધારા માં લાવવા માટે વધારે તક આપવાનો અંગ્રેજોએ નિર્ણય કર્યો, સામાન્યત SC, ST તથા ઓ.બી.સી ને અનામત મળે છે પરંતુ ઓબીસી અનામતની વાત આવે છે તો SC, STની સરખામણીએ 60 વર્ષ પાછળ લાગું થઇ છે. SC ST ને તક અંગ્રેજોએ 1932માં આપવાનો નિર્ણય લીધો.ઓબીસી ને તકો આઝાદી પછી મનુવાદી સરકારોનાં પાપે 1992માં મળવાનું શરૂ થયું કારણકે ઓબીસીનાં લોકોએ (અંગ્રેજોની સરકાર દરમિયાન 1930-31માં યોજાયેલી ગોળમેજી પરિષદમાં લેવાયેલા નિર્ણય સમયે) ભૂલ કરી. ઓબીસી વર્ગોએ નિર્ણય કર્યો કે અમારી દેખરેખ, અમારી રખેવાળી ગાંધીજી અને એમની કોંગ્રેસ કરશે. ગાંધીજીએ ઓબીસીને વાયદો કર્યો હતો કે અંગ્રેજો ને જવા દો, એમનાં ગયા પછી તમારો હક અધિકાર અમે તમને આપી દઈશું. અંગ્રેજ તો 1947માં ચાલ્યા ગયા, અંગ્રેજોને ગયા પછી 1992 સુધી આ મનુવાદી શાસકોએ ઓબીસી ને લટકાવી રાખ્યા, જે સુવિધાઓ SC ST નાં લોકોને 1932માં મળી એ અધિકારો ઓબીસી ને 60 વર્ષ પછી 1992માં મળવાના શરૂ થયા, હવે એ મળવાના શરૂ થયા છે પણ ક્યારે પૂરા થશે કંઇ કહી શકાય નહીં, કારણકે હજી સુધી SC STને અધિકારો પણ પૂર્ણપણે મળ્યા નથી. આજે પણ SC ST ને જે બંધારણનાં હિસાબે મળી જવું જોઈએ એ પણ મળ્યું નથી. 1932થી મળવાનું શરૂ થયું છે, આજે 88 વર્ષ વીતી ગયા હોવાં છતાં, આજ સુધી બંધારણ પૂર્ણરૂપે લાગું કર્યું નથી. ઓબીસી વર્ગની બાબતમાં તો તેમનો હિસ્સો 1992થી મળવાનો શરૂ થયો છે, તો એ રીતે જોઈએ તો ઓબીસીની ત્રણ ત્રણ પેઢીઓ હક અધિકારથી વંચિત રહી ગઈ છે.

મુસલમાન, બહુજન સમાજનું અતુટ અંગ – સાહેબ કાંશીરામ

બહુજન સમાજ કોઇ ધર્મ ના આધાર પર નહિ, બહુજન સમાજ કોઇ જાતિ ના આધાર પર નહિ, અમે લોકો બહુજન સમાજ એ લોકોને જોડીને બનાવી રહ્યા છીએ, જે લોકો સાથે આ દેશ માં બ્રાહ્મણવાદી વ્યવસ્થા એ અન્યાય કર્યો છે, કોઇ જોડે ઓછી તો કોઇ જોડે વધારે. આવા તમામ લોકો આ વ્યવસ્થાની વિરુદ્ધ અવાજ મજબુત કરી રહ્યા છે, સંઘર્ષ કરી રહ્યા છે, અન્યાય દુર કરી ને ન્યાય અપાવવા માટે કામ કરી રહ્યા છે.

અમને લોકોને એવું લાગ્યું કે આ બધા લોકો જે એક જ વ્યવસ્થા ના શિકાર છે, આ વ્યવસ્થા વિરુદ્ધ સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ અલગ અલગ રહીને કદાચ તેઓ સફળના થઇ શકે અને સફળતા કોઇ અંગ કે ભાગ ને મળી તો એ બહુ મોંઘી પડશે. પરંતુ આ બધા લોકો જે આ વ્યવસ્થાના શિકાર છે, જો તે ભેગા મળીને સંઘર્ષ કરે છે, તો સફળતા જરૂર મળશે, આ વાતને ધ્યાન માં રાખીને અમે બહુજન સમાજ બનાવવાનો શરુ કર્યો. આ વાત મેં આ સભા મેં કેમ કીધી, કેમ કે ઘણા બધા મુસલમાન ભાઈઓ કહે છે કે આપણે બહુજન સમાજ સાથે મળી જવું જોઈએ, બહુજન સમાજ સાથે મળી ને ચાલવું જોઈએ. પરંતુ સાથે મળીને ચાલવાનો પ્રશ્ન જ નથી થતો કેમ કે, અમે લોકો મુસલમાન ભાઈઓ ને બહુજન સમાજનો એક અતુટ હિસ્સો કે બહુજન સમાજનું એક અંગ માનીને ચાલીએ છીએ.

જયારે હુ બહુજન સમાજની વાત કરું છું તો અમારા ઘણા સાથીઓ એવું કહે છે કે કાંશી રામએ બહુજન સમાજની વાત તો કરી પરંતુ મુસલમાનો વિષે કઇ ના બોલ્યા. જયારે અમે બહુજન સમાજ ને SC, ST, OBC ના લોકો, જે બ્રાહ્મણવાદ ના લાંબા અરસા થી શિકાર થયેલા છે અને Minorities ના લોકો – મુસલમાન, શીખ, ઈસાઈ જે થોડા સમયથી શિકાર થયા છે, આ બધાને ભેગા મેળવીને બહુજન સમાજ કહીએ છીએ. હુ કોઇ એક અંગ વિષે વાત કરવાનું જરૂરી નથી સમજતો. આ વાત સાચી છે કે, કોઇ જોડે આ વ્યવસ્થા એ લાંબા સમયથી અને બહુ વધારે જબરદસ્તી કરી છે; પરંતુ જયારે આપણે બધા સાથે મળી ને ચાલીએ છીએ ત્યારે આપણે ૧૦૦ માંથી ૮૫ થઇ જઈએ છીએ, કેટલાક ભાગો માં તો આપણે ૧૦૦ માંથી ૯૫ છીએ. જે રીતે હુ ઓડીસા થઇને આવ્યો છુ, ત્યાં આપણે ૧૦૦ માંથી ૯૫ છીએ. આટલી બધી આપણી સંખ્યા હોવાને લીધે, અમે બહુજન સમાજ કહીએ છીએ.

- સાહેબ કાંશી રામ
- (૧૧ ફેબ્રુઆરી, મુબઇ મહારાષ્ટ્ર) (ખંડ ૮, પેજ ૨૮)

ઈતિહાસ બનાવવા વાળા લોકો એ ઈતિહાસ થી શીખ લેવી જરૂરી છે. – સાહેબ કાંશી રામ

બહુજન સમાજની ગુરુકિલ્લી (ગુરુચાવી) : સાહેબ કાંશી રામ - કિરીટકુમાર પરમાર

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતીય રાજનીતીમા એવા ઘણાં નામ ઉભર્યા છે, જેમણે ભારતના રાજકારણ પર એક અવિનાશી છાપ છોડી છે, જેમાં સૌથી ધ્યાનાકર્ષક નામ છે –માન્યવર કાંશીરામ સાહેબ. તેઓ ભારતીય રાજકારણ માં ઘણા લાંબા સમયથી ઉપેક્ષીત રહેલા સમુદાયનો અવાજ બનીને ઉભર્યા. *તેઓએ ભારતીય રાજકારણના વ્યાકરણ માં બહુજન આંદોલન નામનો નવો શબ્દ આપ્યો. તેઓના રાજકારણનાં પ્રયોગો તે સમયે પણ ખુબ જ સુસંગત હતા અને આજે જ્યારે વંચિતો ના અધિકારો પર તરાપ મારવામાં આવી રહી છે ત્યારે પણ તેઓ એટલાં જ સાપ્રંત છે.*

તેઓનો જન્મ 15 માર્ચ -1938 ના રોજ પંજાબ ના રોપડ જિલ્લમાં રામદાસીયા શીખ પરિવારમાં થયો હતો. તેઓએ તેમની રાજકીય કારકીર્દી માં બામસેફ ની સ્થાપનાં થી લઇને બહુજન સમાજ પાર્ટી ની સ્થાપના સુધીના અનેક માઇલસ્ટોન સ્થાપિત કર્યા છે. આ સફરમા તેઓને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં તેઓ પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે દ્રઢનિશ્ચયી હતાં તેઓનાં વ્યક્તિત્વનું સૌથી જમા પાસું હતું તેમની વાકછટા. તેઓએ જે પણ વાત રજુ કરી તે નિર્ભિક પણે રજુ કરી,. તેઓ કહેતા કે *"આપણી લડાઇ વંશાનુગત પરમ્પરા પર આધારીત મનુવાદી વ્યવસ્થા સામે છે. ભારતમાં રહેલ દરેક પક્ષ ભલે તે ડાબેરી વિચારધારા ધરાવતો હોય કે જમેણૅરી – તેઓનુ લક્ષ્ય તો આ વ્યવસ્થા ને જીવીત રાખવાનુ જ છે".* કાંશીરામ કહેતા કે તેમનુ લક્ષ્ય આ દમનકારી વ્યવસ્થાને વિખેરી નાખવાનુ તથા મુળભુત અધિકારોને સ્થાપિત કરવાનુ છે. *સાહેબના યોગદાનને માત્ર રાજકારણ પુરતુ સીમીત રાખવુ યોગ્ય નથી. તેઓએ બહુજન સમાજ પાર્ટીની સ્થાપના કરીને માત્ર વંચિતવર્ગોની ચેતનાને જાગ્રત નથી કરી પરંતુ તેઓએ વર્ષો થી બહુજન સમાજ માટે સંઘર્ષ કરતા આંદોલનકારીઓને તથા તેમના યોગદાન ને લોકોની સમક્ષ મુકવાનું કામ પણ કર્યુ છે.*

તેઓના તે સમય નાં સુત્રો જેવા કે :" વોટ હમારા રાજ તુમ્હારા નહી ચલેંગા નહી ચલેંગા" તથા " જો જમીન સરકારી હૈ, વોહ જમીન હમારી હૈ" એ તે સમયના રાજકારણ મા હલચલ મચાવી દિધો હતો. *તેઓએ સમગ્ર વંચિતઉત્પીડીત સમુહ ને એક છત્ર – બહુજન હેઠળ લાવવાનો પ્રયત્ન કર્યો. તેમના આ પ્રયાસે બહુજન સમાજ ને રાજકીય તેમજ સામાજીક ઓળખ આપી. તેઓ માનતા કે ભારતમાં એવુ લોકતંત્ર છે જેમાં અલ્પસખ્યક સમાજ બહુસંખ્યક સમાજ પર શાશન કરી રહયો છે. તથા તેમનો ઉદ્દેશ્ય આ વ્યવસ્થાતંત્ર માં ઉલટ્ફેર કરીને બહુજન સમાજને આ દેશનો શાશક વર્ગ બનાવવાનો છે.* તેમના આ કાર્યને તેઓએ પુરજોશમાં ચલાવ્યુ તથા સુત્ર આપ્યુ "જીતની જીસકી સંખ્યા ભારી, ઉસકી ઉતની હિસ્સેદારી" - આ સુત્ર દ્વારા તેઓએ સંખ્યા ના અનુપાત માં યોગ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વની માંગણી કરી. તેઓએ પોતના રાજકીય અનુભવો તથા વિચારોને એક પુસ્તક માં રજુ કર્યુ, તે હતુ – ચમચા યુગ. પુના કરાર ને 50 વર્ષ પુર્ણ થવાના સમયે તેમણે આ પુસ્તક પ્રસ્તુત કર્યુ તથા તેમા તેઓએ અનુસુચિત જાતિ-જનજાતિ તથા ઓબીસી સમુદાયના સાંસદો ધારાસભ્યો પર આકરા પ્રહાર કર્યા. તેઓએ કહ્યુ કે આવા ચમચાઓનુ મુખ્ય લક્ષ્ય તેમના સમાજનુ પ્રતિનિધિત્વ કરવાનુ નહી પરંતુ પોતાનો અંગત સ્વાર્થ સાધવાનો છે તથા તેના માટે તેઓએ પોતાની જાતને રાજકીય પક્ષોને સમર્પિત કરી દીધીછે. તેઓના શબ્દો જ જોઇલો,

"કોઇપણ દલાલ કે ચમચાનુ સર્જન કોઇ ચોક્કસ હેતુ માટે કરવામાં આવે છે, જેવો તે હેતુ પુર્ણ થાય છે કે કોઇ ક્રાંતિની સંભાવના રહેતી નથી તે પછી તરત જ તે ચમચાઓની જરુરત પુર્ણ થાય છે. તેઓ કહેતા કે કોઇ પણ બ્રાહ્મણવાદી પક્ષ મા રહેલો માણસ બહુજન સમાજનો પ્રતિનિધિ નહી પણ જે તે ચમચો છે કે જેનો ઉપયોગ બહુજન સમાજ સામે જ કરવામા આવી રહ્યો છે."

કાંશીરામ સાહેબ શબ્દોના ચયન તથા તેના ઉપયોગ કરવામાં ખુબ જ માહેર હતાં. તેમણે આપેલા સાંપનાથ તથા નાગનાથ શબ્દો તેનુ ઉત્તમ ઉદાહરણ છે. તેઓએ ભારતીય મીડીયાને મનુવાદી મિડીયા જેવુ નામ આપ્યુ અને ભારતીય મીડીયા તેમની દુશ્મન બની ગઇ. તેઓ ભારતીય મિડીયાના નકારાત્મક વલણ થી વાકેફ હતા, તથા તેઓ મનુવાદી મિડીયાને બહુજન સમાજના આદોલન તથા રાજકારણ સામે રહેલ સૌથી મોટો ખતરો સમજી રહ્યા હતા. કાંશીરામે બહુજન સમાજ ને ગેમ ચેંજર તરીકે સ્થાપિત થવાનુ કહ્યુ હતું. તેઓ કહેતા કે *"એ સ્વાભાવિક છે કે આપણે મજબુત સરકાર બનાવી શકીએ તેવી સ્થિતી મા નથી, પણ આપણે ગઠબંધનવાળી મજબુર સરકાર તો બનાવી જ શકીએ છીએ તથા આવી નબળી સરકાર જ વંચિત વર્ગ ની સમસ્યા સાંભળશે તથા તેના પર કામ પણ કરશે."*

મનુવાદી સરકારો બહુજ્ન સમાજના નેતાઓને નાના મોટા હોદ્દાઓ આપી રાજી રાખતી હોય છે, જ્યારે વૈશ્વિક ફલકે માત્ર પ્રધાનમંત્રી પદની જ નોંધ લેવાય છે. માટે જ જ્યારે અટલ બિહારી વાજપેયીએ કાંશીરામ સાહેબને રાષ્ટ્રપતિ બનાવવાનો પ્રસ્તાવ મુક્યો ત્યારે તેઓએ કહ્યુ હતુ કે " મારે તો વડાપ્રધાન બનવુ છે." અને તેઓ એ તે પ્રસ્તાવ ને ઠુકરાવી દિધો હતો. આ નિર્ણય માં તેમની તેમના જીવનના લક્ષ્ય પ્રત્યેનૂ સમર્પણ દેખાય છે. તેઓ બહુજન સમાજ ને દેશના સૌથી મહત્વપુર્ણ હોદ્દા પર બિરાજમાન જોવા ઇચ્છ્તા હતાં..

સાહેબ પર વારંવાર આરોપ લગાવવામાં આવતા કે, તેઓએ કોઇપણ પક્ષ પ્રત્યે વફાદાઇ નિભાવી નથી. સામે થી જ સમજુતી કરીને પછી તેને ભંગ કરી દેતાં હતા. આવુ એટલા માટે હતુ કારણકે સાહેબે તેઓ સાથે માત્ર સમજુતી કરી હતી અને ગઠબંધન માત્રને માત્ર પોતાના લક્ષ્ય સાથે કરેલ હતુ .

કાંશીરામ સાહેબ ને 1994 માં હ્રદયરોગ નો હુમલો આવ્યો અને અતિશય કામ અને માનસિક થાક ના લીધે 2003 માં બ્રેઇન સ્ટ્રોક નો હુમલો આવ્યો હતા; તથા 9 ઓક્ટોબર ૨૦૦૬ ના રોજ તેઓ નિર્વાણ પામ્યા હતા. સાહેબ કાંશી રામ સન્યાસી ન હતા છતા સમાજ પ્રત્યે નુ તેમનુ ત્યાગ સર્વોપરી બની રહ્યુ છે. *તેઓએ બધા માટે ઘણુબધુ કર્યુ માત્ર એક વ્યક્તિ માટે કશુજ ના કર્યુ અને તે વ્યક્તિ તેઓ પોતે જ હતા. તેઓએ એક મજબુત પક્ષ ઉભો કર્યો હતો જે દિલ્હીની ગાદીનો દાવેદાર હતો. પણ હવે ન તો સાહેબ છે અને ન તો તે તેમના સમય જેવી બસપા.*

સાહેબ ખરા અર્થમા "ગુરુકિલ્લી" સમાન હતા. ચાવી ને પંજાબીમા "કિલ્લી" કહે છે તથા જે ચાવી થી તમામ તાળા ખુલી જાય તેને "ગુરુકિલ્લી", માસ્ટર ચાવી કહે છે. તેમના પહેલા બધા રાજકીય પક્ષો દલિત મુસ્લિમ આદિવાસી ના વોટ મેળવીને જીત પામતા હતા અને સત્તા ના શીર્ષ પર કોઇ બ્રાહ્મણ, વાણીયા કે ઠાકુર જ બિરાજમાન થતાં. સાહેબે લોકોને તેમના વોટ ની વેલ્યુ સમજાવી વોટ્ના બદલે વ્યવ્હાર કરવાનું શિખવ્યુ.આજ ગુરુચાવી ને લીધે આજે બસપા ત્રીજા નંબરની નેશનલ પાર્ટી બની છે. સાચા અર્થમાં માન્યવર બહુજન રાજનીતીની ગુરુચાવી સમાન જ હતા.

- કિરીટકુમાર પરમાર

તમને જે નોકરી મળી છે, એ પ્રતિનિધિત્વ (આરક્ષણ)ના કારણે મળી છે. અને પ્રતિનિધિત્વ એ પુરખાઓ દ્વારા ચલાવાયેલા આંદોલનનું પરિણામ છે. એટલે, સમાજનું તમારા ઉપર ઋણ છે. અને એ તમારું સામાજિક ઉત્તરદાયિત્વ બને છે કે, તમે તમારા સમાજને પોતાના મની, માઇન્ડ, ટાઇમ નો નિશ્ચિત હિસ્સો નિયમિત રૂપ થી આપો અને સમાજ ના ઋણ થી ઉઋણ થાવ.
- સાહેબ કાંશી રામ

જ્યાં સુધી દબાયેલા, કચડાયેલા લોકો માં પરસ્પર ભાઈચારાની ભાવના ના થાય, ત્યાં સુધી તેમણે પોતાના દમન અને શોષણ માટે બીજાને દોષ દેવાનો કોઇ હક નથી.
- સાહેબ કાંશી રામ

જો આપણે આ દેશના શાસક બનીને બાબાસાહેબ ડો આંબેડકરનું સપનું પૂરું કરવું છે, તો આપણે દલિત (કમજોર) નહિ પણ બહુજન (બહુસંખ્યક) બનવું પડશે.
– સાહેબ કાંશી રામ

દુઃખોને કોણ અને શા માટે ભોગવે છે? – સમ્યક બૌધ્ધ

સારનાથ માં પોતાના પ્રથમ ધમ્મોપદેશ માં મહાકારુનીક ગૌતમ બુધ્ધ એ જગત ના ચાર આર્યસત્ય નું વર્ણન કરેલ છે. :

1) સંસારમાં દુ:ખ છે. 2) દુ:ખનું કારણ છે. 3) દુ:ખનું નિવારણ છે. 4) બુધ્ધના બતાવેલા માર્ગથી દુ:ખોથી મુક્તિ મળે છે.
અનુભવના સહારે જ્ઞાનની સાથે સમજવું પડે છે. જીવન દુ:ખોથી ભરેલું છે.દુ:ખ છે તો એના કારણોને સ્વીકાર કરો.

12 કાર્યકારણોને અન્વયે આ દુ:ખો જન્મે છે,
1) જરામરણ:-જન્મ લેવાથી દુ:ખો ઉતપન્ન થાય છે.જન્મ લેવો તેને જરામરણ કહે છે.
2) જાતિ:-જન્મ લેવાથી દુ:ખ થવાનું કારણ જાતિ છે.
3) ભવ:-જન્મ લેવાની ઈચ્છાને ભવ કહે છે.
4) ઉપાદાન:-ઈચ્છા થવાથી મોહ (ઉપાદાન)નું કારણ બને છે.
5) તૃષ્ણા:-તૃષ્ણા હોવાથી મોહ થાય છે. વિષયોના ભોગોની ઈચ્છા થાય છે.
6) વેદના:-તૃષ્ણા વેદનાને કારણે થાય છે.
7) નામરૂપ:-વેદનાને કારણે નામરૂપ ઉત્તપન્ન થાય છે.
8) સદાયતા:-જન્મ થતા નામ યોગી ભૌતિક શરીર બને છે.
9) સ્પર્શ:-ઇન્દ્રિય સુખનું કારણ સ્પર્શ બને છે.
10) વિજ્ઞાન:-નામયોગી ભૌતિક માટે ચેતના(વિજ્ઞાન) માને છે. શરીરને ચેતના કહેવાય છે.
11) સંસ્કાર:-વિજ્ઞાનથી સંસ્કાર ઉત્તપન્ન થાય છે.
12) અવિદ્યા:-સંસ્કારને કારણે અવિદ્યા ઉતપન્ન થાય છે. આ અવિદ્યા એટલે જ્ઞાનની અછત.

તથાગત બુદ્ધનો આષ્ટાંગિક માર્ગ નો સિદ્ધાંત:
સમ્યક દ્રષ્ટિ, સમ્યક સંકલ્પ, સમ્યક વાણી, સમ્યક કર્મ, સમ્યક આજીવિકા, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ, સમ્યક સમાધિ.

તથાગત બુદ્ધનો ખાસ ઉપદેશ:
"અપ્પો દિપો ભવ" - તુજ તારો દીવો થા
તથાગત બુદ્ધે કહ્યું હતું કે, કોઇપણ બાબત પરાપૂર્વથી ચાલી આવે છે માટે માની લેવું નહિ, શાસ્ત્રોમાં લખ્યું છે માટે માની લેવું નહિ. આપણા પૂર્વજો માનતા હતા માટે સાચું છે તેમ માની લેવું નહિ. ઘણાબધા લોકો માને છે માટે માની લેવું નહિ, પણ જે વાત તર્કમાં બેસતી હોય .જેને સાબિત કરી શકાતી હોય વિજ્ઞાનની બાબતમાં ખરી ઉતરતી હોય અને વધુ લોકોનું કલ્યાણ કરતી હોય તો જ તે વાતનો સ્વીકાર કરવો જોઈએ.

- સમ્યક બૌધ્ધ (નડીઆદ)